# પ્રકરણ – ૧

# પ્રકરણ – ૧
# ''ઉત્તર ગુજરાતના ભૌગોલિક, સામાજિક અને સાંસ્કૃતિક વારસાનો પરિચય''

આજનું 'ગુજરાત' એ પ્રાચીન સમયના 'આનર્ત', 'સૌરાષ્ટ્ર' અને 'લાટ' આ ત્રણ પ્રદેશોને આવરી લેતા હોવાનું આપણા પ્રાચીન સાહિત્યના વિભિન્ન સંદર્ભો પરથી જણાઇ આવે છે. આ પ્રાચીન પ્રદેશોમાં આજના 'ગુજરાત'નો કેટલો અને કયો વિસ્તાર સમાવિષ્ટ હતો તે નક્કી કરવું ખૂબ મુશ્કેલ છે. તેમ છતાં આ વિસ્તારના પ્રાચીન સંદર્ભ-સાહિત્ય વડે ''સૌરાષ્ટ્ર'' અને 'લાટ' પ્રદેશની સીમા રેખા અલગ પાડી શકાય તેમ છે. કેમ કે આજના 'સૌરાષ્ટ્ર' અને પ્રાચીન સમયના સૌરાષ્ટ્ર પ્રદેશમાં બહુ મોટો વિસ્તારભેદ હોવાનું જણાતું નથી. તેવી જ રીતે પ્રાચીન 'લાટ' પ્રદેશમાં આજના દક્ષિણ ગુજરાત પ્રદેશનો સમાવેશ થતો હતો તે કહીએ તો બહુ વાંધો નથી. ''આનર્ત'' વિશે પ્રાચીન સંદર્ભો પરથી સ્પષ્ટ જણાઇ આવે છે કે 'આનર્ત'માં આજના ઉત્તર ગુજરાતનો ઘણો વિસ્તાર આવી જાય છે.[૧]

✦ **આનર્ત યાને ઉત્તર ગુજરાત :-**

'આનર્ત' શબ્દનો ઉલ્લેખ મત્સ્ય પુરાણમાં[૨] તથા રુદ્રદામાના ગિરનારના શૈલલેખોમાં[3] જોવા મળે છે. કચ્છ, સૌરાષ્ટ્ર, અર્બુદ સાથે આનર્ત પ્રદેશ પણ 'અપરાન્ત' નામના પ્રદેશમાં સમાતો હતો તેવું કેટલાક અવતરણ[૪] ઉપરથી સાબિત થાય છે.

કાચ્છિકા શ્ચૈવ સૌરાષ્ટ્રા આર્નતા અર્બુદૈઃ સહ।

ઈત્યેતે અપરાન્તાસ્તુ...............................।।

સૌરાષ્ટ્ર અને આનર્તનો ઉલ્લેખ રુદ્રદામાના લેખમાં આ પ્રમાણે છે.

(૧૧) પૂર્વાપરાકરાવન્ત્યનૂપની વૃદાનર્ત્ત –

---

૧. સાંકળિયા એચ. ડી., આર્કિયોલોજી ઓફ ગુજરાત, ૧૯૪૧, પૃ. ૪.

૨. શાહ પી. જી., એથનિક હિસ્ટરી ઓફ ગુજરાત, ૧૯૬૮, પૃ. ૫૬

3. ડિસ્ટ્રીક્ટ ગેઝેટિયર્સ, મહેસાણા, ૧૯૭૫, પૃ. ૬૧

૪. મત્સ્યપુરાણ ૧૧૪-૫૧ (વે. આ. આનંદ આશ્રમ આવૃત્તિ)

સુરાષ્ટ્રશ્ચ (ભૂ) મુરુ કચ્છ (સિ) ન્ધુ સૌ વીર

કુકુરાપરાંત નિષાદાદીનાં સમગ્રાણામ્....।

(૧૮) આનર્ત સુરાષ્ટ્રાણામ્......।।[૫]

પૌરાણિક આધાર પર એમ કહેવાય છે કે આપણા પ્રાચીનતમ્ વસાહતીઓ શર્યાતો હતા. એમની આણ નીચેનો જે પ્રદેશ હતો તેજ 'આનર્ત'ના નામે ઓળખાતો હતો.

ડૉ. આનંદશંકર ધ્રુવ આનર્તને વર્ણવતા કહે છે કે :

'' 'આનૃત' ઉપરથી 'આનર્ત' શબ્દ થયો છે અને ઋતુ કહેતા બ્રાહ્મણોનો યજ્ઞધર્મ તેને ન પાલનાર દસ્યુઓનો - અનાર્યો જ્યાં વસે છે તે 'આનર્ત'.''[૬]

જો કે 'આનર્ત' નામ કેમ પડ્યું તે વિશે અનેક મતમતાંતરો પ્રવર્તે છે. તેમાં એક માન્યતા મુજબ મનુના પુત્ર ''આનર્ત'' ના નામ ઉપરથી આ પ્રદેશનું આવું નામ પડ્યું હતું તેમ કહેવાય છે. કાલાંતરે શર્યાતોના રાજ્યનો નાશ થયો હતો અને ત્યાં યાદવોએ પોતાની આણ વરતાવી હતી તેમ પ્રાચીન સંદર્ભો પરથી જાણવા મળે છે. આ દષ્ટિએ આજના સૌરાષ્ટ્રમાં આવેલી અને પ્રાચીન દ્વારાવતી તે જ આ દ્વારકા તેવી મહદ્અંશે સ્વીકૃતિ પામેલી આજની દ્વારકા નગરીને પ્રાચીન 'આનર્ત'નો ભૂ-ભાગ ગણી શકાય. આ મતને સ્વીકારીએ તો એ કહી શકાય કે 'આનર્ત' ના પ્રાચીનતમ વસાહતીઓ શર્યાતો હતા અને તેમના પછી ત્યાં યાદવો વસ્યા હતા.

ઉત્તર ગુજરાતના ભિન્નભિન્ન વિસ્તારોમાં જે કંઈ ઉત્ખનનો-સંશોધનો થયેલા છે તે આ પ્રાચીન આનર્ત પ્રદેશ હોવાના અને અહીં પ્રાચીન માનવ વસાહતો પણ હોવાના એંધાણ આપી જાય છે. આજના સાબરકાંઠા જિલ્લાના ભિલોડા તાલુકાના દેવની મોરી અને શામળાજી ગામોમાંથી મળી આવેલા ઈશુની શરૂઆતના કાળનાં કુંભ અને વાસણ જેવી જણસોને તેમજ આ જ વિસ્તારમાંથી મળી આવેલા ક્ષત્રપકાલીન સિક્કાઓને આ વિસ્તારમાંની પ્રાચીન માનવ વસાહતની સાખરૂપ ગણાવી શકાય. આ ઉપરાંત ખેરાલુ

---

૫. સૂરિ વિજયેન્દ્ર, મહાક્ષત્રપ રાજા રુદ્રદામા, ભાવનગર, ૧૯૩૭, પૃ. ૫૪

૬. આનંદશંકર ધ્રુવ, દિગ્દર્શન, પૃ. ૪૧

તાલુકાના ધરોઈ અને વલાસણા ગામો પાસેથી, વિજાપુર તાલુકાના હીરપુર અને પેઢામલી પાસેથી તથા મહેસાણા તાલુકાના લાંઘણજ પાસેથી અકીકનાં જે હથિયારો તથા ઠીકરાં મળી આવ્યા છે.[૭] તે પણ આ વિસ્તારમાં થતા પ્રાચીન માનવ વસવાટનો નિર્દેશ કરે છે.

### ૧.૧ ભૌગોલિક ઈતિહાસ – આરંભથી વર્તમાન :

આ બધા સંશોધનોના આધાર પર એમ કહી શકાય છે કે ઉત્તર ગુજરાતમાં માનવ વસાહતનો આરંભ છેક ઈશુની શરૂઆતની સદીથી થયો હશે અને ત્રીજી-ચોથી સદી સુધીમાં તો ત્યાં આવી વસાહતો સારા પ્રમાણમાં ફેલાઈ ચૂકી હશે.

ડૉ. એમ.ડી. સાંકળિયાનું એવું મંતવ્ય છે કે 'શરૂઆતની લગભગ પાંચ સદીના ઐતિહાસિક કાળને જોતાં ગુજરાતનો ઉત્તર તેમજ પૂર્વ ભાગ ગુપ્ત સામ્રાજ્યના તાબા હેઠળ હોવાનું જણાય છે.'[૮]

મૌર્ય અને ગુપ્તકાળ પછીથી એટલે કે પાંચમી સદીથી છેક દસમી સદીના આરંભકાળ સુધી ઉત્તર ગુજરાત પર અનુક્રમે જોધપુર, ઉજ્જૈન અને કનોજના ગુર્જર પ્રતિહારો[૯] વલભીના મૈત્રકો[૧૦] અને લાટ તરફના રાષ્ટ્રકુટોનું[૧૧] વધતે-ઓછે અંશે પ્રભુત્વ રહ્યું હોય તેમ જણાય છે. ઈશુની દસમી સદીના મધ્યકાળથી ગુજરાતમાં સોલંકીઓની સત્તા શરૂ થઈ. આ સમયે ઉત્તર ગુજરાતની ઉત્તર દિશાએ વાઘેલાઓની તેમજ પરમારોની આણ પ્રવર્તતી હોવાનું દેખાય છે.

૧૩મી સદીથી વાઘેલાઓ પાસેની ગુજરાતની સત્તા મુસ્લિમોના હાથમાં ચાલી જાય છે. મુસ્લિમોના રાજકાળ દરમ્યાન ઉત્તર ગુજરાતનું કેન્દ્રીય સ્થળ તો પાટણ જ રહ્યું હતું. પરંતુ ૧૩૯૪ થી ૧૫૭૬ના ગાળા દરમ્યાન અહમદશાહ પહેલાના સમયમાં સત્તાનું કેન્દ્ર બદલાતા ગુજરાતની રાજધાની તરીકે પાટણની જગ્યાએ અમદાવાદ કેન્દ્ર સ્થાને આવ્યું.

---

૭. સાંકળિયા એચ.ડી., ઈન્વેસ્ટિગેશન ઈન ટુ હિસ્ટોરિક આર્કિયોલોજી ઓફ ગુજરાત, ૧૯૪૬, પ્રક-૩, પૃ. ૩.

૮. સાંકળિયા એચ.ડી., આર્કિયોલોજી ઓફ ગુજરાત, ૧૯૪૧, પૃ. ૧૧

૯. મત્સ્યપુરાણ, પૃ. ૧૧

૧૦. શાસ્ત્રી હ. ગં., મૈત્રકકાલીન ગુજરાત, ભા-૧, ૧૯૫૫, પૃ. ૭

૧૧. આચાર્ય ગી.વ., ગુજરાતના ઐતિહાસિક લેખો, સંપા. ૧૯૩૫, ભા. ૨. લેખ નં. ૧૨૨, પૃ. ૧૮

આમ, અત્યારસુધી રાજધાનીનું સ્થળ ઉત્તર ગુજરાત હતું તે બદલાઈને હવે ગુજરાતની મધ્યભાગમાં સ્થાપિત થયું.

૧૭મી સદીના આરંભથી મોગલો પર મરાઠાઓના હુમલા શરૂ થવા લાગ્યા હતા અને મરાઠા સરદારો ઉત્તર ગુજરાતના છેક ઊંડાણના ભાગો સુધી પણ આવવા લાગ્યા હતા. મરાઠાઓએ ઈ.સ. ૧૭૫૭માં મોગલો પાસેથી અમદાવાદ જીતી લીધું અને દામાજીરાવ ગાયકવાડે પછીથી વડનગર, વિજાપુર, ખેરાલુ અને પાટણની જાગીરો પાછી મેળવી લીધી હતી. આ ઉપરાંત મરાઠાઓએ ઉત્તર ગુજરાતના પૂર્વ ભાગે રહેલા ઈડર રાજ્ય પાસેથી પ્રાંતિજ, વિજાપુર, મોડાસા તથા બાયડ જેવા પ્રદેશો પણ પડાવી લીધા હતા.[૧૨]

ઉત્તર ગુજરાતમાં અંગ્રેજોએ ધીમે ધીમે તેમનો પગપેસારો શરૂ કર્યો. ત્યારે કર ઉઘરાવવાના કાર્યોમાં ગાયકવાડનું જોર પ્રવર્તતુ હતું. ગાયકવાડે પોતાના વહીવટમાં અંગ્રેજોની એટલે કે તે વખતની કંપની સરકારની મદદ માંગી ત્યારે કંપની સરકારે આના બદલામાં ગાયકવાડ પાસે પોતાની અમુક ફોજ વડોદરામાં રાખવા દેવાની માંગણી કરી. જે ગાયકવાડે કબૂલ રાખી. કડીના મલ્હારરાવ ગાયકવાડ જાગીરદાર હતા. તેમણે પોતાના વિસ્તારની ખંડણી વડોદરાને નહીં આપતા વડોદરાના ગાયકવાડે અંગ્રેજોને જોડે રાખી કડી ઉપર ચઢાઈ કરી અને કડી શહેર અને કિલ્લો બંને કબજે કર્યા.[૧૩] આમ, ઉત્તર ગુજરાતમાં કડીની જીતથી અંગ્રેજોએ પગપેસારો શરૂ કર્યો એમ કહી શકાય. ત્યારબાદ અંગ્રેજોએ એજન્સીઓ અને તેના વિભાગો બનાવી નાની મારવાડ, સાબરકાંઠા, વાત્રકકોઠા, બાવીસી જિલ્લો, કટોસણ જિલ્લો, પાલણપુર, રાધનપુર, બનાસકાંઠા વગેરે વિસ્તારોમાં પગપેસારો કરી હકૂમત પ્રાપ્ત કરી.

૧૯૪૭માં દેશ સ્વતંત્ર થતા આ પ્રદેશની પુર્નરચના અમલમાં આવી. અને વડોદરા અને ગુજરાતને મુંબઈ રાજ્યમાં ભેળવી દઈને ૨૮ પ્રદેશોનું રાજ્ય બન્યું. ત્યારબાદ ૧૯૫૬-૫૭માં મુંબઈ રાજ્યનું પુનર્ગઠન કરવામાં આવ્યું અને ૧૯૬૦માં ભારતના પંદરમાં રાજ્ય તરીકે ગુજરાત રાજ્ય અસ્તિત્વમાં આવ્યું.

---

૧૨. ગેઝેટીયર ઓફ ધ બોમ્બે પ્રેસિડેન્સી, ૧૮૮૦, વૉ.૫, પૃ. ૪૦૬

૧૩. ડિસ્ટ્રીક્ટ ગેઝેટિયર, મહેસાણા, પૃ. ૧૦૮.

ઉત્તર ગુજરાતના ભાગરૂપ એવા બનાસકાંઠા, મહેસાણા અને સાબરકાંઠા એ ત્રણ જિલ્લાઓ નવા ગુજરાત રાજ્યની હકૂમત હેઠળ આવ્યા. બનાસકાંઠાને ચાર વિભાગમાં, મહેસાણાને પહેલા ત્રણ પ્રાંતોમાં અને પછીથી બેમાં તેમજ સાબરકાંઠાને બે વિભાગમાં વહેંચવામાં આવ્યો હતો. આ વ્યવસ્થા પ્રમાણે ૧૯૭૯માં બનાસકાંઠાના ૧૧, મહેસાણાના ૧૧ અને સાબરકાંઠાના ૧૦ મળીને ઉત્તર ગુજરાતમાં ૩૨ તાલુકાઓનો સમાવેશ થતો હતો.

હમણાં તાજેતરમાં જ આ ત્રણ જિલ્લાઓમાં ફેરફાર કરીને નવો અરવલ્લી અને પાટણ જિલ્લાને અલગ જિલ્લા તરીકે સ્થાન આપવામાં આવ્યું અને ઉત્તર ગુજરાતમાં ત્રણની જગ્યાએ પાંચ જિલ્લાનો સમાવેશ થયો.

૧. બનાસકાંઠા

૨. સાબરકાંઠા

૩. અરવલ્લી

૪. મહેસાણા

૫. પાટણ


**૧.૧.૧ ભૌગોલિક સ્થાન (વિસ્તાર) :**

આજનો ઉત્તર ગુજરાત વિસ્તાર એ પશ્ચિમ કિનારે ઉત્તર અક્ષાંશ ૨૩°-૨° થી ૨૪°-૫° ની વચ્ચે અને પૂર્વ ૭૧°-૦° થી ૭૩°-૬° રેખાંશની વચ્ચે આવેલો છે.[૧૪] આજના ઉત્તર ગુજરાતમાં આગળ જોયું તેમ પાંચ જિલ્લાઓ - બનાસકાંઠા, સાબરકાંઠા, મહેસાણા, પાટણ અને અરવલ્લીનો સમાવેશ થાય છે. હવે આપણે દરેક જિલ્લાના ભૌગોલિક વિસ્તારને વિસ્તારથી જોઈએ.

૧૪. વિદ્વાંસ ભાસ્કર રાવ, બાલગોવિંદ એટલાસ, ધો. ૫, ૬, ૭, સંપાદન, નંદલાલ ત્રિવેદી, પૃ. ૭





૧.૧ ગુજરાતનો પ્રાદેશિક નકશો




૧.૨ ઉત્તર ગુજરાતનો નકશો

### ૧.૧.૧.૧ બનાસકાંઠા :




૧.૩ બનાસકાંઠા જિલ્લો

બનાસકાંઠાએ અમદાવાદથી ઉત્તરે ૧૩૩.૦૦ કિ.મી.ના અંતર આવેલું છે અને પાલનપુર જિલ્લાનું મુખ્ય મથક છે. પરંતુ જિલ્લાને નામ આપવામાં આવ્યું તે તેની મુખ્ય નદી – બનાસ ઉપરથી.[૧૫]

આ જિલ્લો ૨૩°.૩૩° થી ૨૪°.૪૫° ઉપર અક્ષાંશ અને ૭૧°.૦૩° થી ૭૩°.૦૨° પૂર્વ રેખાંશ વચ્ચે આવેલો છે.[૧૬] તેનું કુલ ક્ષેત્રફળ ૧૦,૪૦૦.૧૬ કિ.મી. છે.[૧૭]

તેની ઉત્તરે રાજસ્થાનના મારવાડ અને શિહોરી જિલ્લાના ભાગો, દક્ષિણે મહેસાણા, પાટણના ખેરાલુ, સિધ્ધપુર, સમી તાલુકાના ભાગો, પૂર્વે સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ, ઈડર અને ખેડબ્રહ્મા તાલુકાના કેટલાક ભાગો અને પશ્ચિમે કચ્છનું નાનું રણ આવેલા છે.[૧૮]

---

૧૫. જિલ્લા વસ્તી ગણતરી પુસ્તિકા, ૧૯૭૧, પૃ. ૨૪ (જિ. વ.ગ.પુ.)

૧૬. સેન્સસ હેન્ડબુક, બનાસકાંઠા, ૧૯૬૧ ઈ. એસે., પૃ. ૩

૧૭. બનાસકાંઠા જિલ્લો, www.wikipedia.org

૧૮. નકશામાં ગુજરાત, યુનિ. ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ, ૧૯૭૩, પૃ. ૮૧




**૧.૪ સાબરકાંઠા જિલ્લો**

### ૧.૧.૧.૨ સાબરકાંઠા :-


જિલ્લાને આ નામ તેની મુખ્ય નદી સાબરમતી પરથી આપવામાં આવ્યું છે. આ જિલ્લાનું મુખ્ય મથક હિંમતનગર છે. આ શહેર અમદાવાદથી ઉત્તરે ૮૮ કિ.મી.ના અંતર આવેલું છે.[૧૯]

આ જિલ્લો ૨૩°.૦૩થી ૨૪°.૩૦° ઉત્તર અક્ષાંશ સુધી અને ૭૨°.૪૩° થી ૭૭°.૩૯° પૂર્વ રેખાંશ વચ્ચે આવેલો છે. તેનો કુલ ભૌગોલિક વિસ્તાર ૪૪૯૮.૫૭ ચો.કિ.મી. છે.[૨૦]

---

૧૯. જિલ્લા વસ્તી ગણતરી પુસ્તિકા, સાબરકાંઠા, ૧૯૭૧, નિર્દેશિકા પત્રક-૨, પૃ.૬૨

૨૦. નકશામાં ગુજરાત, યુનિ. ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ, ૧૯૭૩, પૃ. ૮૩





**૧.૫ મહેસાણા જિલ્લો**

સાબરકાંઠાની ઉત્તરે પોશીના, ખેડબ્રહ્મા તથા વિજયનગર ગામોની બાજુએ રાજસ્થાનનો શિહોરી જિલ્લો, દક્ષિણે તલોદ, આંબલીયારા વગેરે ગામો અમદાવાદ જિલ્લો અને પૂર્વ તરફ અરવલ્લી જિલ્લો આવેલો છે.

### ૧.૧.૧.૩ મહેસાણા :-

આ જિલ્લો ગુજરાતના ઈશાન ખૂણે આવેલો છે. આજના મહેસાણા જિલ્લાનું મુખ્ય મથક મહેસાણા શહેર છે. આ શહેરના નામ પરથી જિલ્લાને નામ અપાયું છે. અમદાવાદથી પશ્ચિમ-ઉત્તરે ૬૫ કિ.મી.ના અંતરે તે આવેલું છે.[૨૧]

૨૧. જિલ્લા વસ્તી ગણતરી પુસ્તિકા, મહેસાણા, ૧૯૭૧, શહેર નિર્દેશિકા, પત્રક-૨, પૃ. ૨૬




**૧.૬ પાટણ જિલ્લો**

આ જિલ્લો ૨૩°.૧૫° થી ૨૩°.૫૩° ઉત્તર અક્ષાંશ અને ૭૨°.૦૭° થી ૭૨°.૪૬° પૂર્વ રેખાંશ વચ્ચે આવેલો છે. તેનું કુલ ભૌગોલિક ક્ષેત્રફળ ૪૩૩૫ ચો. કિ.મી. છે.[૨૨]

આ જિલ્લાની ઉત્તર દિશામાં બનાસકાંઠા જિલ્લો, પશ્ચિમ દિશામાં પાટણ જિલ્લો તથા સુરેન્દ્રનગર જિલ્લો, દક્ષિણ દિશામાં ગાંધીનગર જિલ્લો તથા અમદાવાદ જિલ્લો તેમજ પૂર્વ દિશામાં સાબરકાંઠા જિલ્લો આવેલો છે.

### ૧.૧.૧.૪ પાટણ જિલ્લો :-

આ જિલ્લાની સ્થાપના તાજેતરમાં જ સન્ ૨૦૦૦માં કરવામાં આવી હતી. આ જિલ્લાને મહેસાણા અને બનાસકાંઠા જિલ્લાને વિભાજિત કરીને બનાવવામાં આવ્યો છે. તેનું મુખ્યમથક ઐતિહાસિક શહેર પાટણ છે. આ જિલ્લો મહેસાણા જિલ્લાના સમી, હારીજ, ચાણસ્મા, સિધ્ધપુર અને સાંતલપુર તાલુકાઓને જોડીને બનાવવામાં આવ્યો હતો. સ્થાપના સમયે પાટણ જિલ્લામાં સાત તાલુકાઓ હતા. ૨૩, સપ્ટેમ્બર, ૨૦૧૨ના રોજ પાટણ જિલ્લામાં યોજાયેલા વિવેકાનંદ યુવા વિકાસ યાત્રા કાર્યક્રમમાં તત્કાલિન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર

---

૨૨ મહેસાણા જિલ્લો, www.wikipedia.org

મોદીએ ત્રણ નવા તાલુકાઓની જાહેરાત કરી હતી. જેમાં શંખેશ્વર, સરસ્વતિ અને વાવ-સુઇ તાલુકાનો સમાવેશ થાય છે. પાટણ જિલ્લાના પાટણ અને સમી તાલુકાનું વિભાજન કરીને નવા બે તાલુકા સરસ્વતિ અને શંખેશ્વર બનાવવામાં આવ્યા.[૨૩]

પાટણશહેર અમદાવાદથી ઉત્તરે ૧૨૫ કિ.મી.ના અંતરે આવેલું છે.[૨૪] આ જિલ્લો ૨૦°.૪૧°થી ૨૩°.૫૫° ઉત્તર અક્ષાંશ અને ૭૧°.૩૧° થી ૭૨°.૨૦° પૂર્વ રેખાંશ વચ્ચે આવેલો છે. તેનું કુલ ક્ષેત્રફળ ૫૬૦૦ ચો. કિ.મી. છે.[૨૫]

આ જિલ્લાની ઉત્તર-પશ્ચિમ દિશામાં બનાસકાંઠા અને દક્ષિણ-પૂર્વ દિશામાં કચ્છ અને સુરેન્દ્રનગર જિલ્લો તેમજ પશ્ચિમ દિશામાં મહેસાણા જિલ્લો આવેલો છે.[૨૬]

### ૧.૧.૧.૫ અરવલ્લી જિલ્લો :-




**૧.૭ અરવલ્લી જિલ્લો**

---

૨૩. ગુજરાત સમાચાર, ૨૩, સપ્ટેમ્બર ૨૦૧૨, પૃ. ૧

૨૪. પાટણ જિલ્લા પંચાયત, ગુજરાત સરકાર, www.patandp.gujarat.gov.in

૨૫. પાટણ જિલ્લા પંચાયત, ગુજરાત સરકાર, www.patandp.gujarat.gov.in

૨૬. અરવલ્લી જિલ્લો, www.wikipedia.org

આ જિલ્લો ગુજરાત રાજ્યના ઉત્તર ભાગમાં આવેલો છે. ગુજરાત સરકારે ૨૬, જાન્યુઆરી, ૨૦૧૩ના દિવસે સાબરકાંઠા જિલ્લાનું વિભાજન કરી નવો જિલ્લો બનાવવાની ઘોષણા કરી. અરવલ્લી જિલ્લો ૧૫, ઓગસ્ટ, ૨૦૧૩ના દિવસથી ૨૯મા જિલ્લા તરીકે અસ્તિત્વમાં આવ્યો. આ જિલ્લાનું મુખ્યમથક મોડાસા છે. તે અમદાવાદથી ઉત્તરે ૧૨૯ કિ.મી.ના અંતરે આવેલું છે.

આ જિલ્લો ૨૪°.૦૧° થી ૪૧°.૮૮° ઉત્તર અક્ષાંશ અને ૭૩°.૦૨° થી ૨૯°.૦૪° પૂર્વ રેખાંશની વચ્ચે આવેલો છે.[૨૭] અને કુલ ક્ષેત્રફળ ૩,૩૦૮ ચો.કિ.મી. છે.

આ જિલ્લાની ઉત્તર દિશામાં રાજસ્થાનનો શિરોહી જિલ્લો તેમજ સાબરકાંઠાનો પોશીના, ખેડબ્રહ્મા વિસ્તાર તો દક્ષિણે ખેડા જિલ્લો, પશ્ચિમે સાબરકાંઠા જિલ્લો અને પૂર્વ તરફ મહીસાગર જિલ્લો અને રાજસ્થાનના કેટલાક વિસ્તાર આવેલા છે.

### ૧.૧.૨ જિલ્લાઓની સ્થાપનાનો ઈતિહાસ :-

બનાસકાંઠાનું મુખ્ય મથક પાલનપુર છે. આ શહેર અગાઉ પ્રહલાદ્પટ્ટણના નામથી ઓળખાતું હતું. તેની સ્થાપના ચંદ્રાવતીના પ્રહલાદ દેવે ઈ.સ. ૧૨૦૯માં કરી હતી.[૨૮] તે પછી બે સદી બાદ પાલનસી ચહુઆણે તેની પુનઃ સ્થાપના કરીને પોતાના નામ ઉપરથી પાલનપુર નામ આપ્યું હતું એમ કહેવાય છે.[૨૯] પરંતુ જિલ્લાનું નામ તેની મુખ્ય નદી બનાસ ઉપરથી રાખવામાં આવ્યું છે.

સાબરકાંઠા જિલ્લાનું અસ્તિત્વ આમ તો ઈ.સ. ૧૯૪૭ પછીનું ગણી શકાય. ૧૯૪૭ પૂર્વે આ જિલ્લાનો આજનો પ્રદેશ 'મહીકાંઠા એજન્સી'ના ભાગરૂપે હતો. આ એજન્સીને છ વિભાગોમાં વહેંચવામાં આવેલી હતી. તેમાંનો એક ભાગ સાબરકાંઠા હતો.[૩૦] તે વખતના 'ઈડર સ્ટેટ'માં આજના 'સાબરકાંઠા'નો મોટાભાગનો પ્રદેશ સમાઈ જતો હતો.[૩૧]

---

૨૭. આર્કિટેક્ચરલ એન્ટિક્વિટિઝ ઓફ નોર્ધન ગુજરાત, બર્જેસ, ૧૯૦૩, પૃ. ૯૬

૨૮. ગેઝેટિયર ઓફ ધ બોમ્બે પ્રેસિડેન્સી, ૧૮૮૦, પુ.-૫, પૃ.-૩૧૮

૨૯. શાહ દામોદર, મહીકાંઠા ડિરેક્ટરી, સંપાદક - ૧૯૦૫, વિભાગ-૨, પૃ. ૧-૨

૩૦. ડિસ્ટ્રીક્ટ ગેઝેટિયર, સાબરકાંઠા, ૧૯૭૪, પૃ. ૯૩

૩૧. ડિસ્ટ્રીક્ટ ગેઝેટિયર, સાબરકાંઠા, ૧૯૭૪, પૃ. ૧૦૫

ઈડરના રાવ રણમલને અંકુશમાં રાખવા માટે સુલતાન અહમદશાહ પહેલાએ જિલ્લાના મુખ્ય મથક હિંમતનગરની મૂળ સ્થાપના ૧૪૨૬માં કરી હતી.[૩૨] પોતાના નામ ઉપરથી આનું નામ અહમદનગર રાખવામાં આવ્યું હતું. આ અહમદનગર જ તે જ આજનું હિંમતનગર. જિલ્લાનું નામ તેની મુખ્ય નદી સાબરમતી પરથી આપવામાં આવ્યું છે.

મહેસાણા એ ચાવડા વંશના રાજપૂત રાજવી મેસાજી રાવળે સંવત ૧૩૭૫માં પોતાના નામ પરથી આ ગામ વસાવ્યું હોવાનું કહેવાય છે.[૩૩] જોકે આના સ્થાપના વર્ષ અંગે એક અભિપ્રાય મુજબ સંવત ૧૨૧૭નું ગણવામાં આવે છે.[૩૪]

પાટણ એ વનરાજ ચાવડાએ સંવત ૮૦૨ વૈશાખ સુદ-૨ના રોજ રાજધાની માટે નવીન નગર વસાવેલ અને તેને અણહિલ નામે ભરવાડના નામ પરથી આ નગરનું નામ અણહિલપુર રાખેલ. આજ અણહિલવાડ પત્તન અર્થાત્ અણહિલવાડ પાટણએ વનરાજ ચાવડા અને સોલંકી વંશના પાટનગર તરીકે પ્રખ્યાત હતું. ગુર્જર ખંડની પ્રાચીન રાજધાની સાંસ્કૃતિક ધામ અણહિલવાડ પાટણ તેનો સુવર્ણ ઈતિહાસ, તેનો ઉત્તમ સાંસ્કૃતિક વારસો, બે ઐતિહાસિક સ્થાપત્યો, વર્લ્ડ હેરિટેજ રાણીની વાવ અને સહસ્રલિંગ સરોવર તેના શિલ્પ સ્થાપત્ય, લોકકલા અને પટોળાની હસ્તકલાથી પ્રચલિત છે.[૩૫]

અરવલ્લી જિલ્લો અરવલ્લી ગિરિમાળાઓની ગોદમાં આવેલા વનસમૃદ્ધિ અને વનસંપતિ તથા પ્રાકૃતિક સૌંદર્યના કારણે દૈદિપ્યમાન છે. સરકારશ્રીના મહેસુલ વિભાગના તા. ૧૫-૮-૨૦૧૩ની જાહેરાતથી સાબરકાંઠા જિલ્લામાંથી વિભાજિત થઈ, નવીન અરવલ્લી જિલ્લો અસ્તિત્વમાં આવેલ અને તેનું મુખ્ય મથક મોડાસા રાખેલ છે.[૩૬]

---

૩૨. ડિસ્ટ્રીક્ટ ગેઝેટિયર, સાબરકાંઠા, ૧૯૭૪, પૃ. ૧૦૭

૩૩. ભોજક ક.શ., મહેસાણા (પ્રાચીન અર્વાચીન) ૯૫૭, પૃ. ૯

૩૪. સાંડેસરા ભો.જે., ગુજરાત મધ્યકાલીન ઈતિહાસની સાધન સામગ્રી, ફાર્બસ ત્રૈમાસિક, ૧૯૪૧, જૂલાઈ-સપ્ટેમ્બર, પૃ. ૨૧૭

૩૫. પાટણ જિલ્લા પંચાયત, સેન્સસ-૨૦૧૧

૩૬. અરવલ્લી જિલ્લા પંચાયત, www.arvallidp.gujarat.gov.in

### ૧.૧.૩ પ્રાકૃતિક રચના :-

ઉત્તર ગુજરાતના વિવિધ જિલ્લાઓ ડુંગરાળ અને મેદાની પ્રદેશોમાં વહેંચાયેલા જોવા મળે છે. બનાસકાંઠા જિલ્લાની વાત કરીએ તો આ જિલ્લો ડુંગરાળ અને મેદાની પ્રદેશોમાં વહેંચાયેલો છે. જિલ્લાના દાંતા અને પાલનપુર તાલુકાનો પૂર્વ ભાગ ડુંગરાળ છે. જેસોર અને ચીખોદર માતાના ડુંગરો મોટી ઊંચાઇ ધરાવે છે. જિલ્લાના પશ્ચિમ ભાગે વિશાળ સપાટ મેદાનો છે. ભેજ સંગ્રહ માટે આ જિલ્લાની જમીન ઓછી ક્ષમતા ધરાવતી રેતાળ અને પોચી છે. પાલનપુર અને દાંતા તાલુકામાં જંગલો છે. આમાં પાલનપુરની ઉત્તરે ૧૨ કિ.મી. દૂર આવેલા ચિત્રાસણી અને આંબાઘાટ પાસે ધનિષ્ટ જંગલો છે.[૩૭]

બનાસ અને અર્જુની આ જિલ્લાની મુખ્ય નદીઓ છે. બનાસ નદી રાજસ્થાનના ઉદેપુરની ટેકરીઓમાં આવેલા ઢેબર સરોવરમાંથી નીકળે છે અને વારાહી અને રાધનપુર તાલુકાના ગોખતર અને અગીયાણા ગામ પાસે કચ્છના રણમાં સમાય છે. અંબાજીની ટેકરીઓમાંથી નીકળતી કુમારિકા સરસ્વતિ નદી વડગામ તાલુકામાંથી પસાર થઇ પાટણ જિલ્લામાંથી કચ્છના રણમાં સમાઇ જાય છે. આ ઉપરાંત સીપુ, સરીયતિ, ઉમરદાશી, લુણી, લડલી નદીઓ આવેલી છે.

સાબરકાંઠા જિલ્લાના પ્રાકૃતિક રીતે બે ભાગ પડી જાય છે. એક ભાગમાં ડુંગરાળ વિસ્તાર તો બીજા ભાગમાં મેદાની પ્રદેશ. ઉત્તરથી શરૂ થઇને પૂર્વને આવરી લઇને દક્ષિણ તરફ જતી અરવલ્લીની હારમાળાના ડુંગરાળ પ્રદેશને પોશીના પટ્ટા તરીકે ઓળખાવામાં આવે છે. મેદાની પ્રદેશને જોતા દક્ષિણ અને પશ્ચિમ તરફના ભાગોમાં પથરાયેલો છે તેમ કહી શકાય. જિલ્લાના લગભગ બધા જ વિસ્તારોમાં ત્રણ પ્રકારની જમીન જોવા મળે છે. મધ્યકાળી, ગોરાડુ અને રેતાળ.

જિલ્લાની મોટી નદી સાબરમતી છે. નાની નદીઓમાં હાથમતી, મેશ્વો, વાત્રક, હરણાવ વગેરેનો સમાવેશ થાય છે. સાબરમતી નદી જિલ્લાની પશ્ચિમે છે અને ઉત્તરથી દક્ષિણ વહે છે. જુદે-જુદે સ્થળે તેને અન્ય નદીઓ પણ મળે છે. પ્રાંતિજ તાલુકાના મોયદ

---

૩૭. નકશામાં ગુજરાત. યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ, ૧૯૭૩, પૃ.૭૩

ગામે હાથમતી નદી અને ઈડર તાલુકાના મારવાડા ગામે હરણાવ નદી મળે છે. આ જ રીતે વાત્રક અને મેશ્વો પણ તેને જુદે-જુદે સ્થળે મળી જાય છે.

મહેસાણા જિલ્લામાં મોટેભાગે વિશાળ મેદાનો આવેલા છે. સતલાસણા તાલુકાના આરાસુરી પર્વતની પર્વતમાળા તેમજ ખેરાલુ તાલુકાના પૂર્વભાગનો કુંગરાળ વિસ્તાર પણ છે. છે. પરંતુ એ સિવાયનો વિસ્તાર ઈશાનથી અગ્નિ દિશાની તરફ ઢળતું મેદાન છે. જિલ્લાનો પૂર્વભાગ લીલોતરીવાળો છે, જ્યારે પશ્ચિમ તરફનો પટ્ટો સૂકો અને રેતાળ છે. સામાન્ય રીતે અહીંની જમીન રેતાળ છે. ફળદ્રુપતાની દૃષ્ટિએ જોતાં એમાં પ્રદેશવાર ભિન્નતા છે. આ જિલ્લો સંરક્ષિત અને અનામત એમ બે ભાગમાં વહેંચાયેલો છે. આ જિલ્લાનો કુલ વનવિસ્તાર ૭૧૭૫ હેક્ટર છે.[૩૮] આ જિલ્લામાં ખનીજતેલ, કુદરતી વાયુ, ચિનાઈમાટી, ગ્રેનાઈટ, લાઈમસ્ટોન, બિલ્ડીંગ સ્ટોન, ફાયર ક્લે વગેરે ખનીજ તત્ત્વો ધરાવે છે. રૂપેણ, સરસ્વતિ અને સાબરમતી એ ત્રણ આ જિલ્લાની મુખ્ય નદીઓ છે. રૂપેણ નદી ખેરાલુ તાલુકામાંથી આવેલી તારંગાની ટેકરીઓમાંથી નીકળે છે અને વિસનગર, મહેસાણા તાલુકામાંથી થઈ કચ્છના રણમાં સમાય છે. સરસ્વતિ નદી પણ સાબરમતી નદીની જેમ અરવલ્લીની પર્વતમાળાના નૈઋત્ય ખૂણેથી નીકળી, દક્ષિણ તરફના તાલુકામાંથી પસાર થઈ કચ્છના રણને મળે છે. ખેરાલુ અને વિજાપુર તાલુકામાંથી પસાર થતી ત્રીજી નદી સાબરમતી, જિલ્લાના પૂર્વ ભાગે ઉત્તરથી દક્ષિણ વહે છે. એ અરવલ્લીની હારમાળામાંથી નીકળી ખંભાતના અખાતને મળે છે. ત્રણેય નદીઓમાં બારે માસ પાણી રહેતું હોવાનું કહેવાય છે.

પાટણ જિલ્લાની જમીન સામાન્ય રીતે રેતાળ છે. આ જિલ્લાની મહત્તમ જમીન ક્ષારવાળી અને ભાસ્મીક જમીન છે. જમીનનો પ્રકાર રેતાળ અને ગોરાળું છે. આ જિલ્લામાં મોટેભાગે વિશાળ મેદાનો જ આવેલા છે. આ જિલ્લામાં સરસ્વતિ, ખારી, પુષ્પાવતી, રૂપેણ અને બનાસ નદીઓ આવેલી છે. સરસ્વતિ નદી અરવલ્લીની પર્વતમાળાના નૈઋત્ય ખૂણેથી નીકળી મહેસાણા જિલ્લામાંથી પસાર થઈ પાટણ તાલુકા અને સિધ્ધપુર તાલુકામાંથી પસાર થઈ કચ્છના રણમાં સમાઈ જાય છે. તેવી જ રીતે બનાસ નદી રાજસ્થાનમાં ઉદેપુરની

---

૩૮. મહેસાણા જિલ્લા પંચાયત, www.mahesana.nic.in

ટેકરીઓમાં આવેલા ઢેબર સરોવરમાંથી નીકળી બનાસકાંઠામાં થઈને પાટણ જિલ્લાના રાધનપુર અને વારાહી તાલુકામાંથી પસાર થઈ કચ્છના રણમાં સમાઈ જાય છે. પાટણ જિલ્લામાં ૧૩૦૩ જેટલા તળાવો આવેલા છે.[૩૯]

અરવલ્લી જિલ્લો અરવલ્લીની ગિરિમાળાઓ, તેની વનસમૃદ્ધિ અને વનસંપત્તિ તથા પ્રાકૃતિક સૌંદર્યના કારણે દૈદિપ્યમાન છે. આ જિલ્લાના ભીલોડા તાલુકામાં અરવલ્લીની ગિરિમાળાઓ, બાયડ તાલુકામાં ઝાંઝરીનો ધોધ, મેઘરજ તાલુકામાં આવેલા જંગલો, નદીઓ, પર્વતો, તળાવ વગેરે બહુમૂલ્ય મહત્ત્વ ધરાવે છે. આ જિલ્લામાં ધનસુરા અને બાયડ તાલુકામાં ખનીજોના મોટા ભંડાર આવેલા છે. જેમાં બ્લેકટ્રેપ, ક્વાર્ટઝાઈટ, ગ્રેવલ, ગ્રેનાઈટ, મુરમ (સોફ્ટ) મુખ્ય છે. આ જિલ્લાની મુખ્ય નદીઓ વાત્રક અને મેશ્વો છે. જે સાબરકાંઠા જિલ્લામાંથી પસાર થતી બનાસ નદીમાં મળી જાય છે.

### ૧.૧.૪ આબોહવા અને ખેતીવાડી :-

ભૌગોલિક રીતે બનાસકાંઠાનો ઉત્તર-પૂર્વ ભાગ પહાડી પ્રદેશ છે. જ્યારે મધ્ય ભાગ સપાટ અને રેતાળ છે. આ જિલ્લામાં હવામાન વિષમ છે. આબોહવા એકંદરે સૂકી છે. ઉનાળામાં સખત ગરમી અને ઉત્તરે આવેલા રણને કારણે શિયાળામાં સખત ઠંડી પડે છે. આ જિલ્લાનો મુખ્ય વ્યવસાય ખેતી છે. જિલ્લાના કુલ ૧૨,૦૪,૦૦૦ હેક્ટર વિસ્તાર પૈકી ૭,૪૪,૦૮૭ હેક્ટર જમીન ખેડાણ તળે છે. આ જિલ્લાના મુખ્ય પાકો બાજરી અને એરંડા છે. રવિ પાકોમાં ઘઉં, જીરૂ, રાયડો, રાઈ, બટાકા, સરસવ, ઈસબગુલ વગેરે છે. પહાડી પ્રદેશોમાં મુખ્ય પાક મકાઈ છે.[૪૦]

ભૌગોલિક રીતે સાબરકાંઠા જિલ્લો ડુંગરાળ અને મેદાની પ્રદેશો વચ્ચે વહેંચાયેલો છે. આ જિલ્લાની આબોહવા સુકી અને ઉષ્ણ છે અને હવામાન વિષમ છે. જિલ્લાના લગભગ બધાજ વિસ્તારોમાં ત્રણ પ્રકારની જમીન જોવા મળે છે. ૧. મધ્યમ કાળી, ૨. ગોરાડુ, ૩. રેતાળ. આ ઉપરાંત ડુંગરાળ પ્રદેશોમાં ખડકોવાળી પથ્થરીયાળ જમીન જોવા મળે છે.

---

૩૯. પાટણ જિલ્લા પંચાયત, સેન્સસ-૨૦૧૧

૪૦. બનાસકાંઠા જિલ્લા પંચાયત, www.banaskanthadp.gujarat.gov.in

હિંમતનગર તાલુકાની જમીન ગોરાડુ અને રેતાળ એ બંને પ્રકારી છે. તો ઇડર તાલુકામાં મધ્યમ કાળી અને રેતાળ જમીન ધરાવે છે. ખેડબ્રહ્મા તાલુકાની જમીન મોટેભાગે મધ્યકાળી છે. જિલ્લાની કુલ ૪૪૯૮.૫૭ ચોરસ કિ.મી. જમીનમાંથી ૨,૯૯,૧૦૬ હેક્ટર જમીન ખેડાણ તળે છે. આ જિલ્લાનો સરેરાશ વરસાદ ૮૭૧ મી.મી. છે. જિલ્લામાં શિયાળામાં ઓછામાં ઓછું તાપમાન ૧૨૦ સેન્ટીગ્રેડ સરેરાશ ઉષ્ણતામાન અને ઉનાળામાં ૪૩.૧° સેન્ટીગ્રેડ ઉષ્ણતામાપ જોવા મળે છે.[૪૧] આ જિલ્લાનો મુખ્ય ઉદ્યોગ ખેતી છે. આ જિલ્લામાં કુલ કામ કરનારાઓની વસ્તીની ટકાવારી જોતાં ખેડૂતો ૫૯.૮૧ નું પ્રમાણ ધરાવે છે.[૪૨] આ જિલ્લામાં મુખ્ય પાકો ડાંગર, બાજરી, કપાસ, ઘઉં, જુવાર, તમાકુ, મગફળી, એરંડા, રાયડો વગેરે છે. તુવેર, ચણા, જેવા કઠોળ પણ પાકે છે.

મહેસાણા જિલ્લામાં મોટેભાગે વિશાળ મેદાનો આવેલા છે. ખેરાલુ તાલુકાના પૂર્વભાગમાં થોડો ડુંગરાળ વિસ્તાર પણ છે. જિલ્લાનો પૂર્વભાગ લીલોતરીવાળો છે. જ્યારે પશ્ચિમ તરફનો પટ્ટો સૂકો અને રેતાળ છે. વરસાદ અનિયમિત અને ઓછો આવતો હોઈ જિલ્લામાં અછત તેમજ અર્ધઅછતની સ્થિતિ વારંવાર ઊભી થાય છે. સિંચાઈની દૃષ્ટિએ પાતાળકૂવાની વધતી જતી સવલત ઉપયોગી ઠરી છે. જિલ્લામાં વરસાદનું પ્રમાણ સામાન્ય રીતે ૮૦૦ થી ૧૨૦૦ મી.મી. જેટલું છે.[૪૩] આ જિલ્લામાંથી કર્કવૃત્ત રેખા પસાર થતી હોવાથી જિલ્લાની આબોહવા વિષમ પ્રકારની જોવા મળે છે. ઉનાળામાં સખત ગરમી અને શિયાળામાં સખત ઠંડી પડે છે. જિલ્લામાં ગાઢ અને ગીચ જંગલો તેમજ ઊંચા ડુંગરો ન હોવાથી આ વિસ્તાર સૂકી અને અર્ધસૂકી આબોહવા અનુભવે છે અને અનાવૃષ્ટિનો સામનો કરે છે. ખેતીવાડીએ જિલ્લાનો મુખ્ય ઉદ્યોગ છે. મુખ્ય પાકોમાં ઘઉં, બાજરી, જુવાર, એરંડા, કપાસ છે. આ સિવાય જીરૂ, વરિયાળી, ઈસબગુલ, રાયડો અને ડાંગર વગેરે સારા પ્રમાણમાં

---

૪૧. સાબરકાંઠા જિલ્લા પંચાયત, સેન્સસ-૨૦૧૧, પૃ. ૮૬

૪૨. સાબરકાંઠા જિલ્લા પંચાયત, સેન્સસ-૨૦૧૧, પૃ. ૮૮

૪૩. મહેસાણા જિલ્લા પંચાયત, સેન્સસ-૨૦૧૧

થાય છે. આ જિલ્લાનો કુલ ૪,૩૦,૧૫૩ હેક્ટર ભૌગોલિક વિસ્તારમાં ૩,૬૮,૩૭૧ હેક્ટર જમીન ખેડાણ તળે છે.[૪૪]

પાટણ જિલ્લામાં પણ મોટેભાગે વિશાળ મેદાનો આવેલા છે. આ જિલ્લાની આબોહવા મહત્તમ સૂકી છે. રાધનપુર, સાંતલપુર અને સમી તાલુકામાં ગ્રીષ્મઋતુમાં દિવસે ધૂળની ડમરી અને વંટોળ થાય છે. વરસાદ અનિયમિત અને ઓછો આવતો હોઈ જિલ્લામાં અછત તેમજ અર્ધઅછતની સ્થિતિ વારંવાર ઊભી થાય છે. આ જિલ્લાનો સન્ ૨૦૧૩ નો સરેરાશ વરસાદ ૮૨૯ મી.મી. હતો. આ જિલ્લાનો પણ મુખ્ય વ્યવસાય ખેતી છે. જિલ્લાની મહત્તમ જમીન ક્ષારવાળી અને ભાસ્મીક છે. આ જિલ્લાની જમીન રેતાળ અને ગોરાળુ છે. આ જિલ્લાની કુલ ૫,૬૬,૭૫૫ હેક્ટર જમીનમાંથી ૪,૫૯,૪૮૮ હેક્ટર જમીન ખેડાણ તળે છે.[૪૫] આ જિલ્લાના મુખ્ય પાકો ઘઉં, કપાસ, બાજરી, દિવેલા છે. આ ઉપરાંત ચણા, વરિયાળી, જીરૂ વગેરે સારા પ્રમાણમાં થાય છે.

અરવલ્લી જિલ્લાના પણ પ્રાકૃતિક રીતે બે ભાગ પડી જાય છે. આ જિલ્લાનો મેઘરજ, ભિલોડા અને બાયડ તાલુકાઓના પૂર્વ તરફને ભાગ ટેકરીવાળો તથા બાકીનો ભાગ ફળદ્રુપ કાંપવાળી અને રેતાળ જમીનનો છે. આ જિલ્લામાં ત્રણ પ્રકારની જમીન જોવા મળે છે. મધ્યકાળી, ગોરાડુ અને રેતાળ. મોડાસા, ભીલોડા, માલપુર તાલુકાની જમીન ગોરહ અને રેતાળ બન્ને પ્રકારની છે. જ્યારે વિજયનગર, બાયડ તાલુકાની જમીન મોટેભાગે મધ્યમ કાળી છે. આ જિલ્લાનો મુખ્ય ઉદ્યોગ ખેતી છે. કુલ કામ કરનારાઓની વસ્તી ૩૨.૫૯ માંથી ખેતી કરનાર મજૂરોનું પ્રમાણ ૧૫.૪૯% છે.[૪૬] મગફળી, કપાસ, મકાઇ, બાજરી, ઘઉં, ડાંગર અને જુવાર અહીંના મુખ્ય પાકો છે. તુવેર, ચણા, અડદ જેવા કઠોળ પણ પાકે છે. આ જિલ્લાનો ૪૧,૧૩૦ હેક્ટર વિસ્તારમાં જંગલ પથરાયેલું છે. જંગલની મુખ્ય પેદાશો મહુડા, ગુંદર, ટીમરુના પાન, મીણ અને મધ જેવી પેદાશોને પણ ગૌણ પેદાશો તરીકે ગણાવી શકાય.

---

૪૪. મહેસાણા જિલ્લા પંચાયત, સેન્સસ-૨૦૧૧

૪૫. પાટણ જિલ્લા પંચાયત, સેન્સસ-૨૦૧૧

૪૬. વસ્તી ગણતરી પુસ્તિકા, સેન્સસ-૨૦૧૧

## ૧.૧.૫ મુખ્ય જોવાલાયક સ્થળો :-

બનાસકાંઠા જિલ્લાના મુખ્ય જોવાલાયક સ્થળો નીચે મુજબ છે.

૧. જગપ્રસિદ્ધ શક્તિપીઠ, અંબાજી મંદિર, તા. દાંતા.

૨. કુંભારીયા જૈન દેરાસર, અંબાજી, તા. દાંતા.

૩. પ્રાચીન અને પવિત્રધામ કોટેશ્વર મંદિર (અંબાજી)

૪. માનસરોવર, અંબાજી

૫. કામાક્ષી મંદિર, અંબાજી

૬. રીંછડીયા મહાદેવ, અંબાજી

૭. ધરણીધર ભગવાન, ઢીમા, તા. વાવ

૮. કટાવધામ, તા. વાવ

૯. રીંછ અભયારણ, જાસોર હીલ, તા. અમીરગઢ

૧૦. નડેશ્વરી માતાનું મંદિર, નડાબેટ, તા. વાવ

૧૧. પ્રાકૃતિક ધામ, બાલારામ (બાલારામ રીસોર્ટ)

૧૨. બાજોઠીયા મહાદેવ, તા. પાલનપુર

૧૩. પવિત્ર અને રમણીય સ્થળ (વિશ્વેશ્વર, જુની સરોગી, તા. અમીરગઢ)

૧૪. શ્રધ્ધાનું પ્રતિક સમા - મોકેશ્વર મહાદેવ

૧૫. મણિભદ્ર વીર સ્થાનક, મગરવાડા, તા. વડગામ

૧૬. ગંગેશ્વર મહાદેવ, હાથીદ્રા, તા. પાલનપુર

૧૭. દાંતીવાડા જળાશય

૧૮. સુગંધ અને શાયરીઓનું શહેર પાલનપુર

૧૯. કિર્તીસ્તંભ - પાલનપુર

૨૦. પાતાળેશ્વર મંદિર, પાલનપુર

૨૧. મુરશદબાવાની દરગાહ, પાલનપુર

૨૨. અતિપ્રાચીન મુળેશ્વર મહાદેવ, પાડણ, તા. વાવ

૨૩. કપિલેશ્વર મહાદેવનું મંદિર

૨૪. શ્રી ઓઘડનાથજી (દેવ દરબાર) કાંકરેજ

૨૫. ગુરુ ધુધળીનાથ, જલોત્રા, તા. વડગામ

સાબરકાંઠા જિલ્લાના મુખ્ય જોવાલાયક સ્થળો આ પ્રમાણે છે.

૧. જૈન પોળો, શરણેશ્વર મહાદેવ મંદિર

૨. સપ્તેશ્વર મહાદેવ મંદિર

૩. મહાકાળી મંદિર, સાંપડ

૪. રોડાના મંદિરો, રોડા, હિંમતનગર

૫. નાના અંબાજી, ખેડબ્રહ્મા

૬. મીની પાવાગઢ

૭. ઈડરીયો ગઢ, ઈડર

૮. ગુણભાખરી (ચિત્ર વિચિત્રનો મેળો)

૯. વિરેશ્વર મહાદેવ

મહેસાણા જિલ્લાના મુખ્ય જોવાલાયક સ્થળો નીચે પ્રમાણે છે.

૧. જગપ્રસિધ્ધ બહુચરાજી માતાનું મંદિર, બેચરાજી

૨. મોઢેરા સૂર્યમંદિર, મોઢેરા

૩. ઉમિયા માતાનું મંદિર, ઊંઝા

૪. મીરાં દાતાર, ઊંઝા

૫. પ્રાચીન ગણપતિ મંદિર, ઐઠોર

૬. તાનાગીરી સમાધિ સ્થળ, વડનગર

૭. ધર્મિષ્ઠા તળાવ, વડનગર

૮. હાટકેશ્વર મંદિર, વડનગર

૯. ઝણઝણીયો કૂવો, વડનગર

પાટણ જિલ્લાના મુખ્ય જોવાલાયક સ્થળો નીચે પ્રમાણે છે.

૧. વર્લ્ડ હેરીટેજ સ્થળ રાણી-ની-વાવ, પાટણ

૨. સહસ્રલિંગ તળાવ, પાટણ

૩. પટોળા હાઉસ, પાટણ

૪. જૈન દેરાસર, પાટણ

૫. પ્રાચીન મહાકાળી મંદિર, પાટણ

૬. શિવમંદિર, અડીયા

૭. ચુડેલ માતાનું મંદિર, કુણઘેર

૮. ખાન સરોવર, પાટણ

૯. આનંદ સરોવર, પાટણ

૧૦. રુદ્ર મહાલય, સિધ્ધપુર

૧૧. માતૃશ્રાધ્ધ અને મુક્તિધામ, સિધ્ધપુર

૧૨. જૈન દેરાસર, શંખેશ્વર

૧૩. ડાઘીયા સરોવર, રાધનપુર

૧૪. નડાબેટ, તા. રાધનપુર

૧૫. લીંબચ ધામ, દેલમાલ

૧૬. ખોડિયાર માતાનું મંદિર, સમી

અરવલ્લી જિલ્લામાં મુખ્ય જોવાલાયક સ્થળો આ પ્રમાણે છે.

૧. ઝાંઝરી, બાયડ તાલુકો

૨. શામળાજી મંદિર, શામળાજી (વિષ્ણુ મંદિર)

૩. જુના ભવનાથ મંદિર, મઉ, તા. ભિલોડા

૪. અરવલ્લી ગિરિમાળા

૫. સોલાર પાર્ક, ભાટકોરા

૬. ગંગેશ્વર મહાદેવ મંદિર, ઝાંઝરી

૭. ધોરેશ્વર મહાદેવ, બાયડ તાલુકો

૮. તીર્થધામ દેવરાજ ધામ મંદિર, મોડાસા

૯. માઝુમ ડેમ, વોલ્વા

**૧.૧.૬ વ્યવહાર માર્ગો :-**

ઉત્તર ગુજરાતમાં પાંચ જિલ્લાઓના વ્યવહાર માર્ગો બે પ્રકારના જોવા મળે છે. ૧. રેલવે માર્ગ, ૨. સડક માર્ગ. સમગ્ર ઉત્તર ગુજરાતમાં જળમાર્ગ કે બંદર નથી.

✦ **રેલ્વે માર્ગ :-**

ઉત્તર ગુજરાતના પાંચ જિલ્લાઓમાં અમદાવાદથી દિલ્હી મુખ્ય બ્રોડગેજ લાઇન મહેસાણા જિલ્લા અને બનાસકાંઠા જિલ્લામાંથી પસાર થઈ રાજસ્થાનના આબુરોડ તરફ જાય છે. તો અમદાવાદથી બીજી એક બ્રોડગેજ લાઇન અમદાવાદથી પાટણ સુધી આવે છે. આ ઉપરાંત બનાસકાંઠાના પાલનપુર શહેરથી કચ્છ-ગાંધીધામ જવા માટે પણ એક બ્રોડગેજ લાઇન બનાસકાંઠા અને પાટણ જિલ્લામાંથી પસાર થઈને જાય છે. આ ઉપરાંત અમદાવાદ-હિંમતનગર, ખેડબ્રહ્માની બ્રોડગેજ લાઇન સાબરકાંઠામાંથી પસાર થાય છે. અહીં એક મીટરગેજ લાઇન પણ પસાર થાય છે. જે હિંમતનગરથી રાજસ્થાનના ઉદેપુર સિટી સુધી જાય છે.[૪૭] આ ઉપરાંત પાટણ જિલ્લાના ભીલડી જંકશનથી જોધપુર (રાજસ્થાન) સુધી પણ બ્રોડગેજ લાઇનથી ટ્રેન સુવિધા છે.

✦ **સડક માર્ગ :-**

ઉત્તર ગુજરાતના પાંચેય જિલ્લાઓમાં ત્રણ રાષ્ટ્રીય ધોરીમાર્ગ નં. ૮ છે. ૧. અમદાવાદથી મહેસાણા-પાલનપુર થઈને દિલ્હી રાષ્ટ્રીય ધોરીમાર્ગ, ૨. અમદાવાદ-ગાંધીનગરથી પ્રાંતિજ, હિંમતનગર થઈને દિલ્હી જતો રાષ્ટ્રીય ધોરી માર્ગ નં. ૮ અને ૩. પાલનપુરથી ગાંધીધામ (કચ્છ) સુધી જતો રાષ્ટ્રીય ધોરી માર્ગ, સાબરકાંઠામાં ૧૦૫૬, મહેસાણામાં ૬૪૨, પાટણ જિલ્લામાં ૩૭૩ તો અરવલ્લી ૯૬૦ જેટલા અને જિલ્લા માર્ગો બનાસકાંઠામાં ૫૩૮૬, સાબરકાંઠામાં ૨૪૦૭, મહેસાણામાં ૯૭, પાટણમાં ૮૧૪ તો

---

૪૭. સાબરકાંઠા જિલ્લા પંચાયત, સેન્સસ-૨૦૧૧

અરવલ્લી જિલ્લામાં ૨૨૭ જેટલા જિલ્લામાર્ગો આવેલા છે. આ બધા રસ્તાઓ ઉપર આખા વર્ષ દરમ્યાન બસની સગવડ પ્રાપ્ત છે.[૪૮]

**૧.૧.૭ ઉત્તર ગુજરાતના જિલ્લાઓની સામાન્ય રૂપરેખા :-**

| વિગત | બનાસકાંઠા | સાબરકાંઠા | મહેસાણા | પાટણ | અરવલ્લી |
|---|---|---|---|---|---|
| **૧. તાલુકા** | ૧. વડગામ | ૧. ખેડબ્રહ્મા | ૧. ઊંઝા | ૧. ચાણસ્મા | ૧. મોડાસા |
| | ૨. દિયોદર | ૨. વિજયનગર | ૨. કડી | ૨. પાટણ | ૨. માલપુર |
| | ૩. પાલનપુર | ૩. વડાલી | ૩. ખેરાલુ | ૩. રાધનપુર | ૩. ધનસુરા |
| | ૪. ભાભર | ૪. ઇડર | ૪. બેચરાજી | ૪. સમી | ૪. ભીલોડા |
| | ૫. કાંકરેજ | ૫. પોશીના | ૫. મહેસાણા | ૫. સાંતલપુર | ૫. બાયડ |
| | ૬. થરાદ | ૬. હિંમતનગર | ૬. વડગનર | ૬. સિધ્ધપુર | ૬.મેઘરજ |
| | ૭. દાંતા | ૭. તલોદ | ૭. વિજાપુર | ૭. હારીજ | |
| | ૮. વાવ | ૮. પ્રાંતિજ | ૮. વિસનગર | ૮. શંખેશ્વર | |
| | ૯. અમીરગઢ | | ૯. સતલાસણા | ૯. સરસ્વતિ | |
| | ૧૦. ધાનેરા | | ૧૦. જોટાણા | | |
| | ૧૧. દાંતીવાડા | | | | |
| | ૧૨. ડીસા | | | | |
| | ૧૩. લાખણી | | | | |
| | ૧૪. સુઇગામ | | | | |
| **૨. ભૌગોલિક** | ૧૦,૪૦૦ | ૪૪૯૮.૫૭ | ૪,૩૩૮ | ૫,૭૪૦ કિ.મી. | ૩,૩૦૮ |
| **વિસ્તાર** | કિ.મી. હેક્ટર | ચો. કિ.મી. | ચો. કિમી. | | ચો. કિમી. |
| **૩. ગામ** | ૧૨૭૦ | ૧૩૮૯ | ૬૦૪ | ૫૧૩ | ૬૭૬ |
| **૪. શહેરો** | ૦૬ | ૦૬ | ૦૭ | ૦૫ | ૦૫ |
| **૫. વસ્તી-પુરુષ** | ૧૬,૧૦,૩૭૯ | ૭,૨૦,૧૨૮ | ૯,૫૩,૮૪૨ | ૬,૯૪,૩૯૭ | ૫,૩૨,૩૮૬ |
| **સ્ત્રી** | ૧૫,૧૦,૧૨૭ | ૬,૮૪,૭૩૭ | ૮,૮૪,૦૫૦ | ૬,૪૯,૩૩૭ | ૫,૦૭,૫૩૨ |
| **કુલ** | ૩૧,૨૦,૫૦૬ | ૧૪,૦૪,૮૬૫ | ૧૮,૩૭,૮૯૨ | ૧૩,૪૩,૭૩૪ | ૧૦,૩૯,૯૧૮ |

૪૮. ગુજરાત રાજ્ય, www.digitalgujarat.gov.in

| વિગત | બનાસકાંઠા | સાબરકાંઠા | મહેસાણા | પાટણ | અરવલ્લી |
|---|---|---|---|---|---|
| ૬.નગરપાલિકા | ૦૬ | ૦૬ | ૦૭ | ૦૫ | ૦૨ |
| ૭.ગ્રામપંચાયત | ૮૭૭ | ૭૧૪ | ૬૦૪ | ૪૬૬ | ૩૧૫ |
| ૮. શૈક્ષણિક સંસ્થા | | | | | |
| પ્રા.શાળા | ૨૨૨૭ | ૧૩૨૦ | ૧૦૦૪ | ૭૯૭ | ૧૨૪૫ |
| મા.શાળાઓ | ૩૩૮ | – | – | – | ૯૮ |
| ઉ.મા.શાળા | ૯૭ | ૨૫૯ | ૩૫૯ | ૨૩૬ | ૧૧૯ |
| ઉચ્ચ કૉલેજો | ૧૭ | ૭૯ | ૧૦૫ | ૬૫ | ૩૬ |
| નોન ગ્રાન્ટેડ | – | ૩૪ | ૪૯ | – | – |

## ૧.૨ ઉત્તર ગુજરાતનો સામાજિક પરિચય :-

### ૧.૨.૧ ઉત્તર ગુજરાતની જનજાતિઓ :

પુરાવશેષીય માહિતીને આધારે જાણવા મળે છે કે ૫,૦૦૦ વર્ષ પહેલા પણ ગુજરાતમાં માનવ વસ્તી હતી. લોથલની સિંધુ સંસ્કૃતિનો માનવ તો વિવિધ જાતિતત્ત્વોનું સંમિશ્રણ હતો. આમ, પ્રાચીન સમયથી જ પચરંગીપણું એ ગુજરાતનું વસ્તીલક્ષણ હતું. છેલ્લા ૨૦૦૦ વર્ષથી વિવિધ જાતિઓનું ગુજરાતમાં આગમન થતું રહ્યું છે.

આર્યો અને દ્રવિડો ઉપરાંત યાદવો, ગ્રીકો, શકો, હુણો, ગૂર્જરો, મેર, જત, વગેરે ઈ.સ. પૂર્વે ૧૪૦૦ થી ૬૦૦ દરમ્યાન આવ્યા હતા. સોલંકી વંશના સ્થાપક મૂલરાજે ઉત્તરના ઔદીચ્ય, મોઢ અને શ્રીમાળી બ્રાહ્મણોને ગુજરાતમાં તેડાવી વસાવ્યા હતા. ઝાલા, જાડેજા, કાઠી વગેરે જાતિઓ રાજપૂત સાથે ભળી જઈને ક્ષત્રિય બની ગઈ. તેઓ સિંધ, મારવાડ અને બલૂચિસ્તાનમાંથી આવ્યા હતા. પારસીઓ અને નવાયત મુસલમાનો ધર્મ ખાતર તેમના દેશમાંથી અહીં આવ્યા હતા. મુસ્લિમ સમાજના મુખ્યત્વે બે વિભાગો છે. દેશી અને વિદેશી. વિદેશી મુસ્લિમો અરબસ્થાન, ઈરાન, અફઘાનિસ્તાન વગેરે દેશોમાંથી વેપારીઓ, સૈનિકો અને ધાર્મિક ઉપદેશકો તરીકે આવ્યા હતા. ઈસ્લામની સમાનતા અને બંધુત્વની ભાવનાથી આકર્ષાઈને હિંદુ સમાજના નીચલા વર્ગે ઈસ્લામ સ્વીકાર્યો, જે દેશી મુસ્લિમ તરીકે ઓળખાય છે. અહમદશાહ પહેલો, મહમૂદ બેગડો અને મહમૂદ બીજાએ બળજબરીથી હિંદુઓને

મુસલમાન બનાવ્યા હતા. જેમાં જે રાજપૂતો ઈસ્લામમાં આવ્યા તે મોલેસલામ કહેવાયા અને વાણિયાઓ અને બ્રાહ્મણો વહોરાઓમાં ભળી ગયા. આ રીતે બનેલ મુસ્લિમ સમાજ અનેક જ્ઞાતિઓ, કોમો અને પેટાકોમોની ૭૮ જેટલી જાતિઓમાં વિભક્ત છે. તે જાતિઓમાં પઠાણ, સૈયદ, શેખ, મુઘલ, બલૂચ, મકરાણા, કુરેશી, મોમિન વગેરેનો સમાવેશ થાય છે. તેવી જ રીતે મરાઠી સરદારો અને મરાઠી ભાષી લોકો પણ ગુજરાતના બધા જ પ્રદેશોમાં આવીને વસ્યા. અંગ્રેજોના આક્રમણ પછી ખ્રિસ્તી ધર્મના લોકો બહારથી આવીને વસ્યા. હિંદુઓમાં કોળી, ભીલ, કણબી, લોહાણા, ગોસાઇ, વણકર વગેરે લોકોએ છપ્પનિયા કાળમાં ખ્રિસ્તી મિશનરીઓએ કરેલ સેવાભાવી પ્રવૃત્તિથી આકર્ષાઈને ખ્રિસ્તી ધર્મ સ્વીકાર્યો હતો. આ રીતે ગુજરાતમાં પ્રાચીનકાળથી જ પચરંગી પ્રજાની વસ્તી જોવા મળે છે.[૪૯]

ઉત્તર ગુજરાતની સામાજિક વ્યવસ્થા સ્વરૂપની ચર્ચા કરીએ તો સમગ્ર ઉત્તર ગુજરાતના બધા જિલ્લાઓમાં તમામ જ્ઞાતિના લોકો વસવાટ કરે છે. સૌપ્રથમ આપણે હિન્દુ સમાજની વાત કરીશું. હિંદુ સમાજ અનેક જ્ઞાતિ-પેટાજ્ઞાતિઓમાં વહેંચાયેલો જોવા મળે છે. લગભગ ૧૨૪ જેટલી હિંદુ જ્ઞાતિઓ સમગ્ર ગુજરાતમાં આવેલી છે. બ્રાહ્મણો, વાણિયા, રાજપૂતો, કણબી, કોળી, રબારી, કુંભાર, ભાટીયા, લુહાણા, માળી, સથવારા, ટંબોળી, ભરવાડ, રબારી, ભાવસાર, દરજી, ઘાંચી, ગોલા, કંસારા, બારોટ, ચારણ, તરગાળા, બારદ, ધોબી, હજામ, બાવા, ગોસાઇ, રાવળીયા, બજાણીયા, ભોઇસ, વાઘરી વગેરે અનેક જ્ઞાતિ-સમાજના લોકો ઉત્તર ગુજરાતના દરેક જિલ્લાઓમાં જોવા મળે છે.

**૧.૨.૧.૧ બ્રાહ્મણ :-**

સોલંકી વંશના સ્થાપક મૂલરાજે ઉત્તરના ઔદીચ્ય, મોઢ અને શ્રીમાળી બ્રાહ્મણોને ગુજરાતમાં તેડાવી વસાવ્યા. ત્યારબાદ તેમાં વિસ્તરણ થઈ ઔદીચ્ય, ઝાલોર, મોઢ, નાગર, રાજગોર, સારસ્વત, સરવારીયા, શ્રીગૌડ, શ્રીમાળી, તપોધન અને વ્યાસ વગેરે પેટાજ્ઞાતિઓ બની. હવે આપણે તેનો વિસ્તૃત અભ્યાસ કરીએ.

---

૪૯. Gazzetter of India, Gujarat State, Mahesana, Banaskantha, Sabarkantha District.

ઔદીચ્ય બ્રાહ્મણએ ઉત્તર ઓડીશાથી રાજા મૂળરાજ દ્વારા બોલાવી વસાવ્યા. તેથી તે ઔદીચ્ય બ્રાહ્મણ તરીકે ઓળખાય છે. મારવાડના ઝાલોરથી આવ્યા તે ઝાલોર બ્રાહ્મણ તરીકે ઓળખાયા. મોઢેરાના બ્રાહ્મણો મોઢ બ્રાહ્મણ તરીકે ઓળખાવા લાગ્યા. તેમની પેટા જ્ઞાતિઓમાં અગિયારસણા, ચતુર્વેદી, ધીણોજ, જેઠીમલ, ત્રિવેદી મુખ્ય છે. નાગર બ્રાહ્મણની વાત કરીએ તો નાગર એ સંસ્કૃત શબ્દ છે. જેનો અર્થ થાય છે નગર કે શહેરના રહેવાસી. અત્યારે નાગર બ્રાહ્મણોની વસ્તી સમગ્ર ગુજરાતમાં સૌથી વધુ છે. સારસ્વત બ્રાહ્મણ એ બ્રાહ્મણ સમાજની સૌથી પ્રાચીન મૂળ જ્ઞાતિ છે. તેઓ દિલ્હીથી ગુજરાતમાં આવ્યા તેવું કહેવાય છે. તેઓ સારસ્વત મુનિના વંશ છે અને સરસ્વતિ નદીના કિનારે આવીને વસ્યા તેવું મનાય છે. કાશ્મીરના શ્રીનગરથી જે બ્રાહ્મણ ગુજરાતમાં આવ્યા તે શ્રીગૌડ બ્રાહ્મણ તરીકે ઓળખાય છે. તેવી જ રીતે રાજસ્થાનના આબુથી ૮૦ કિ.મી. દૂર આવેલ ભીનમાલના બ્રાહ્મણ શ્રીમાળી બ્રાહ્મણ તરીકે ઓળખાય છે. ભગવાન શિવની પૂજા, મંદિર સાથે જોડાયેલા બ્રાહ્મણ તપોધન બ્રાહ્મણ તરીકે કહેવાયા. વ્યાસ બ્રાહ્મણએ ૧૦૮ બ્રાહ્મણમાંના ૭ ગૌણ જાતિના વંશજ વ્યાસ તરીકે ઓળખાયા. આ બધાજ બ્રાહ્મણો એ ભગવાન શિવના અને મા સરસ્વતિ, કાલિકા અને અંબાજીના ઉપાસકો છે.

### ૧.૨.૧.૨ વાણિયા :-

બ્રાહ્મણ બાદ વાણિયા, ભાટીયા અને લુહાણા એ મુખ્ય જ્ઞાતિઓ છે. વાણિયા એ વેપાર સાથે જોડાયેલી પ્રજા છે. વાણિયા મુખ્યત્વે બે સંપ્રદાય સાથે જોડાયેલા છે. એક તો વૈષ્ણવ સંપ્રદાય અને બીજા જૈન સંપ્રદાય સાથે. વાણિયામાં પણ ડીસાવળ, દેશાવળ, મેવાડા, મોઢ, નાગર, ઓસ્વાલ, પોરવાડ, શ્રીમાળી, ઉમાદ, વાયદા વગેરે પેટા જ્ઞાતિઓ આવેલી છે. આમાં ઓસ્વાલ, પોરવાડ, શ્રીમાળી, ઉમદ, શ્રાવક એ જૈન સંપ્રદાય સાથે તો પોરવાડ, શ્રીમાળી, ઉમદ, નાગર વગેરે વૈષ્ણવ સંપ્રદાય સાથે જોડાયલા છે.

દેશાવળ વાણિયા ઉત્તર ગુજરાતના કલોલ, કડી, પાટણ, સિધ્ધપુરમાં વધુ જોવા મળે છે. ડીસા શહેરના નામ ઉપરથી દેશાવળ (ડીસાવળ) કહેવાયા. વિજાપુરના મહુડી નજીક ખાડત ગામમાં રહેતા વાણિયા ખડયાત વાણિયા તરીકે ઓળખાય છે. મેવાડથી આવેલા મેવાડ

વાણિયા તો મોઢેરાથી સંબંધિત મોઢ વાણિયા કહેવાયા. વાણિયાની આ મુખ્ય જ્ઞાતિ છે. આની પણ બીજી છ પેટાજ્ઞાતિ છે. વડનગર શહેરના મુખ્ય રહેવાસી નાગર વાણિયા તરીકે ઓળખાય છે. તેઓ મુખ્યત્ત્વે વડનગર, વિસનગર, વિજાપુર તાલુકાઓમાં જોવા મળે છે. અણહિલવાડના સોલંકી રાજાઓના વંશજ ઓસ્વાલ વાણિયા તરીકે ઓળખાય છે. રાજસ્થાનના ઓસીયામાં ઓસ્વાલ પરિવારો વસવાટ કરતા હતા. ત્યાંથી આ ઉત્તર ગુજરાતમાં સ્થાયી થયા. શ્રીમાળી બ્રાહ્મણોની જેમ જ મારવાડથી આવેલા વાણિયાને શ્રીમાળી વાણિયા તરીકે ઓળખાયા અને દસમી સદી પહેલા મારવાડથી ગુજરાતમાં આવ્યા તે ઉમદ વાણિયા તરીકે ઓળખાય છે. આ કડી તાલુકામાં વધુ જોવા મળે છે. પાટણ નજીક વાયડ ગામના વાણિયાને વાયડ વાણિયા તરીકે ઓળખવામાં આવે છે.

**૧.૨.૧.૩ લુહાણા (ભાટિયા) :-**

લુહાણાને આપણે ભાટીયા તરીકે પણ ઓળખીએ છીએ. આ જ્ઞાતિ મુખ્યત્ત્વે રાઠોડ રાજપૂતમાંથી આવી છે. ઉત્તરના મુલ્તાનના લોહોક્તના લોહાણપુરમાંથી આવ્યા તેવું કહેવાય છે. આ જ્ઞાતિના લોકો સમી-હારીજ તાલુકામાં વધુ જોવા મળે છે. ઘણાં રામાનંદી સંપ્રદાયમાં તો કેટલાક વૈષ્ણવ સંપ્રદાયમાં માનનારા છે. તેમની જ્ઞાતિના માતા રાંદલમાં છે અને દરિયાપીરમાં માનનારા શ્રધ્ધાળુ છે. મોટાભાગના લોકો ખેતીના વ્યવસાય સાથે જોડાયેલા છે.

**૧.૨.૧.૪ રાજપૂત :-**

સમગ્ર ઉત્તર ગુજરાતમાં રાજપૂતોની વસ્તી ખૂબ ઓછી છે. તેઓ મોટેભાગે સમી, વિજાપુર અને ચાણસ્મા તાલુકાઓમાં જોવા મળે છે. તેઓમાં ચાવડા, ચૌહાણ, રાઠોડ, સોલંકી, પરમાર, યાદવ, ગોહિલ વગેરે જેવા સાત વર્ગો હતા. તેમની આર્થિક સદ્ધરતા જુદી-જુદી હતી. તેઓનો મોટો વર્ગ નોકરીયાત વર્ગ છે. ગવર્મેન્ટ અને સેમી ગવર્મેન્ટ નોકરીમાં જોડાયેલા છે.

**૧.૨.૧.૫ કણબી (પાટીદાર) :-**

કણબીના લેઉવા, કડવા અને આંજણા એવા ત્રણ વર્ગો હતા. આ વર્ગના લોકો સાધન સંપન્ન હતા.તેઓનો મુખ્ય વ્યવસાય ખેતીનો છે. કડવા પટેલ એ સતિ

પાર્વતીના પરસેવામાંથી ઉદ્‌ભવ્યા છે, તેવું માને છે. તો લેઉવા પટેલ એ ક્ષત્રિય કુળમાંથી જન્મેલા છે તેમ માને છે. કડવા પટેલના કુળદેવી ઊંઝાના ઉમિયા માતા છે. લેઉવા પટેલ એ પંજાબથી આવેલા ગજ્જર જાતિના લોકો જ છે. આંજણા કણબી મુખ્યત્વે ખેડૂત હતા. ખેતમજૂર તરીકે કામ કરતા હતા. આ ઉપરાંત પશુપાલનના વ્યવસાય સાથે પણ જોડાયેલા છે. પાટીદાર (કણબી) એ પાટણ, કડી, વિસનગર, વિજાપુર, ચાણસ્મા, સિધ્ધપુર તાલુકામાં વધુ જોવા મળે છે. આમ, તો સમગ્ર ગુજરાતમાં બીજા નંબરની સૌથી વધુ વસ્તી આ સમાજની છે. આ સમાજના કેટલાક શિવ સંપ્રદાય તો બીજા કેટલાક વૈષ્ણવ અને સ્વામિનારાયણ સંપ્રદાયમાં માનનારા છે.

**૧.૨.૧.૬ માળી :-**

ફૂલોનો વ્યવસાય કરનાર માળી તરીકે ઓળખાય છે. તેઓ ઉત્તર ગુજરાતના દરેક જિલ્લામાં જોવા મળે છે. ધાર્મિક રીતે જોઈએ તો તેઓ કબીર પંથી, રામાનુજી, વૈષ્ણવ, સ્વામિનારાયણ અને જૈન સંપ્રદાયમાં માનનારા છે.

**૧.૨.૧.૭ સથવારા :-**

સથવારાએ ગામડામાં ખેત મજૂરી અને શહેરમાં ઈંટ મજૂરીના વ્યવસાય સાથે સંકળાયેલા છે. તેઓ ઉત્તર ગુજરાતમાં ખેરાલુ, વિસનગર, મહેસાણા, ચાણસ્મા અને પાટણ તાલુકાઓમાં જોવા મળે છે. આ જ્ઞાતિના લોકો મા અંબા અને ચામુંડાના અરાધક તેમજ શિવ સંપ્રદાય અને વૈષ્ણવ સંપ્રદાયમાં માનનારા છે.

**૧.૨.૧.૮ ટંબોળી :-**

આ જ્ઞાતિના લોકો સમગ્ર ઉત્તર ગુજરાતના તમામ જિલ્લાઓમાં જોવા મળે છે. સોપારી (નાગરવેલના પાન)ના વ્યવસાય સાથે જોડાયેલા છે. ટંબોળી એ સંસ્કૃત શબ્દ છે. જેનો અર્થ થાય છે. 'ટંબૂલ'. નાગરવેલના પાન-સોપારીના નામ ઉપરથી આ નામ પડ્યું છે. તેઓ મુખ્યત્વે નાગરવેલના પાનનો ઉછેર અને વેચાણનું કામ કરે છે. તેઓમાં કેટલાક વૈષ્ણવ સંપ્રદાય તો કેટલાક શિવ સંપ્રદાયમાં મનનારા છે.

### ૧.૨.૧.૯ રબારી – ભરવાડ :-

આ પશુ ઉછેરના વ્યવસાય સાથે જોડાયેલો સમાજ છે. આ સમાજના લોકો ઉત્તર ગુજરાતના બધા જ જિલ્લાઓમાં જોવા મળે છે. ભરવાડ એ ગોકુળ-બ્રિંદાવનથી આવ્યા તેમજ ભગવાન ક્રિષ્ણના પિતા નંદ સાથે જોડાયેલા છે તેમ માને છે. તેવી જ રીતે રબારી એ રાજપૂત સમાજમાંથી આવ્યા તેમ માને છે. તેઓ પણ ઉત્તર પ્રદેશના છે. તેઓ રામાનંદી અને બીજમાર્ગી સંપ્રદાયમાં માનનારા છે.

### ૧.૨.૧.૧૦ ભાવસાર :-

ભાવસાર એ છાપકામના વ્યવસાય સાથે જોડાયેલા છે. તેઓ ઉત્તર ગુજરાતના નાના-મોટા શહેરોમાં જોવા મળે છે. તેઓ ક્ષત્રિય મૂળના છે. તેઓની અટક ભાટી, ચૌહાણ, ગોહિલ, પરમાર, રાઠોડ વગેરે જેવી હોય છે. આ જ્ઞાતિના કેટલાક વૈષ્ણવ સંપ્રદાય તો કેટલાક સ્વામિનારાયણ તો બીજા કબીરપંથી, રાધાવલ્લભજી, રામાનંદી, સંતરામપંથી સંપ્રદાયોમાં માનનારા છે. તેઓ અંબાજી અને હીંગળાજ માતાના આરાધક છે.

### ૧.૨.૧.૧૧ દરજી :-

દરજીએ કાપડ સિલાઈના વ્યવસાય સાથે જોડાયેલા છે. તેઓ ઉત્તર ગુજરાતના તમામ જિલ્લાઓમાં ગામડા અને શહેરોના રહેવાસી છે. તેમની બે પેટાજ્ઞાતિ છે. (૧) પીપાવંશી (૨) રાજકલી. તેઓ વૈષ્ણવ, જૈન, સ્વામિનારાયણ, વલ્લભાચારી, રામાનંદી વગેરે સંપ્રદાયોમાં માનનારા છે. દરજી સમાજ પણ ભવઈના વેશ કરે છે.

### ૧.૨.૧.૧૨ ઘાંચી :-

ઘાંચી એ ઘી-તેલના વ્યવસાય કરનારા છે. તેઓ પણ નાના-મોટા શહેરો અને ગામડાઓમાં વસવાટ કરે છે અને ઉત્તર ગુજરાતના તમામ-જિલ્લાઓમાં જોવા મળે છે. તેઓની અટક ગોહિલ, ઝાલા, પરમાર અને સોલંકી (રાજપૂતની આદિજાતિ) વગેરે છે. તેઓ કાલિકા માતા અને બહુચરાજીના અરાધક છે તેમજ કબીલપંથી, રામાનંદી, સ્વામિનારાયણ અને વલ્લભાચારી સંપ્રદાયમાં માનનારા છે. વસંતપંચમીની ધામધૂમપૂર્વક ગામમાં વરઘોડો કાઢીને ઉજવણી થાય છે.

**૧.૨.૧.૧૩ ગોલ :-**

ગોલ સમાજ એ અનાજના વ્યવસાય સાથે જોડાયેલો છે. તેઓ રાજસ્થાનના ચિત્તોડના મૂળ રાજપૂત કોમના છે. તેઓની અટક ચૌહાણ, ઓઘાવાલા, દાડલીયા, પરમાર, સોલંકી, વાઘેલા વગેરે છે. તેઓ કબીર, રામાનંદી, બીજપંથી, પિરાના અને સ્વામિનારાયણ સંપ્રદાય સાથે જોડાયેલા છે.

**૧.૨.૧.૧૪ કંસારા :-**

કંસારા એ કાંસા(ધાતુ)ના વ્યવસાય સાથે જોડાયેલા છે. તેઓ મુખ્યત્વે વિસનગર અને પંચમહાલના પાવાગઢ બાજુ જોવા મળે છે. તેઓની અટક ભાટી, ગોહિલ, પરમાર વગેરે છે. તેઓ કાલીકા માતાના ભક્ત અને રામાનંદી, શિવપંથી, વલ્લભાચારી સંપ્રદાયમાં માનનારા છે.

**૧.૨.૧.૧૫ કુંભાર :-**

કુંભાર એ માટીના વાસણો બનાવવાના વ્યવસાય સાથે જોડાયેલા છે. કુંભાર નામ એ 'કુંભ' એટલે કે 'માટલી' બનાવનાર એ રીતે પડ્યું. તેઓ 'ઓજસ' અથવા 'પ્રજાપતિ' તરીકે પણ ઓળખાય છે. તેઓ ઉત્તર ગુજરાતના તમામ જિલ્લાઓમાં નાના-મોટા શહેરો અને ગામડાઓમાં વસવાટ કરે છે. 'પદ્મનામ'નો મેળો સાત દિવસનો પાટણમાં થાય છે.

**૧.૨.૧.૧૬ લુહાર :-**

લુહાર એ લોખંડના વ્યવસાય સાથે જોડાયેલા છે. તેઓ ઉત્તર ગુજરાતના તમામ જિલ્લાઓમાં નાના-મોટા શહેરો અને ગામડાઓમાં જોવા મળે છે. તેઓની અટક પંચાલ, લુહાર વગેરે છે. તેઓ બ્રાહ્મણમાંથી આવ્યા એવો દાવો કરે છે. તેમજ માતા પાર્વતીના શરીરની ધૂળમાંથી ઉત્પન્ન થયા તેવું માનવું છે. તેઓ કબીરપંથી, સ્વામિનારાયણ, રામાનંદી વગેરે સંપ્રદાયમાં માનનારા તેમજ માતા અંબાજી, બહુચરાજી અને કાલીકાના અરાધક છે.

**૧.૨.૧.૧૭ ખત્રી :-**

તેઓ સિંધ પ્રદેશથી આવ્યા તેવું મનાય છે. તેઓ પાટણ અને ખેરાલુ તાલુકામાં વસવાટ કરે છે. તેઓ હીંગળાજ માતાના ભક્ત છે. અને બ્રહ્મક્ષત્રિય હોવાનો દાવો

કરે છે. તેઓ મુખ્યત્વે વૈષ્ણવ સંપ્રદાય સાથે જોડાયેલા છે.

**૧.૨.૧.૧૮ મોચી :-**

મોચી એ ચામડાના વ્યવસાય સાથે જોડાયેલો સમાજ છે. તેઓ પહેલા પંચમહાલ જિલ્લાના ચાંપાનેરમાં વસવાટ કરતા હતા. અત્યારે સમગ્ર ઉત્તર ગુજરાતના તમામ જિલ્લાઓના નાના-મોટા શહેરો અને ગામડાઓમાં વસવાટ કરે છે. તેઓ માતા અંબાના આરાધક અને મુખ્યત્વે સ્વામિનારાયણ સંપ્રદાયમાં માનનારા છે.

**૧.૨.૧.૧૯ ઓડ :-**

ઓડ જાતિના લોકોનું મોટો બાંધો ધરાવતું શરીર હોય છે. તેને 'Earth Diggers' પણ કહે છે. સિદ્ધરાજ જયસિંહ દ્વારા સહસ્રલિંગ તળાવને ખોદવા માટે આ ઓડ જાતિના લોકોને બોલાવ્યા હતા. આ જાતિના લોકો મોટેભાગે મજૂરીનું કામ કરે છે અને ઉત્તર ગુજરાતમાં પાટણ અને વિસનગર તાલુકામાં જોવા મળે છે. આ જાતિના લોકો શિવ, સ્વામિનારાયણ અને રામદાસી સંપ્રદાયમાં માનનારા છે.

**૧.૨.૧.૨૦ સલાટ :-**

સલાટ એ પથ્થરના વ્યવસાય સાથે જોડાયેલા છે. શૈલ્ય એટલે જ સલાટ અને શૈલ્યનો અર્થ થાય છે - પથ્થર. સલાટનો મોટો વર્ગ સોમપૂરા તરીકે પણ ઓળખાય છે. તેઓ ઉત્તર ગુજરાતના પાટણ, વડનગર, વિસનગર તાલુકામાં વધુ જોવા મળે છે. તેઓ સ્વામિનારાયણ અને શિવસંપ્રદાયમાં માનનારા છે.

**૧.૨.૧.૨૧ સોની :-**

સોનીએ સોના-ચાંદીનો વ્યવસાય કરે છે. તેઓ ઉત્તર ગુજરાતના દરેક ગામ અને નાના-મોટા શહેરોમાં જોવા મળે છે. તેમની ગૌણ (પેટા) જ્ઞાતિ ત્રાગડ અને મસ્તાન છે. તેઓ વાણિયા પિતા અને બ્રાહ્મણ માતાના સંતાન છે તેવો દાવો કરે છે. તેઓ વૈષ્ણવ અને શિવસંપ્રદાયમાં માનનારા છે.

**૧.૨.૧.૨૨ સુથાર :-**

સુથાર એ લાકડાના વ્યવસાય સાથે જોડાયેલા છે. તેઓની છ પેટાજ્ઞાતિઓ

છે. પીથવાસ, ગજ્જર, મેવાડા, પંચોલી, મારવાડી અને વૈશ્ય - તેઓ પરશુરામના વંશજ ક્ષત્રિય હોવાનો દાવો કરે છે. તેઓ ઉત્તર ગુજરાતના દરેક ગામ અને નાના-મોટા શહેરોમાં વસેલા છે. તેઓ પરનામી, રામાનંદી, શિવ, સ્વામિનારાયણ, વલ્લભચાર્ય સંપ્રદાય સાથે જોડાયેલા છે.

**૧.૨.૧.૨૩ બારોટ (ભાટ) :-**

ભાટ (બારોટ) એ અલ્હાબાદ અને મારવાડના બ્રાહ્મણમાંથી આવ્યા તેવું માનવામાં આવે છે. તેમના ગળામાં સ્વયં સરસ્વતિ બિરાજમાન છે તેવું કહેવાય છે. ખૂબ જ સુંદર અને મધુર કંઠ તેઓ ધરાવે છે. તેઓ ઉત્તર ગુજરાતના બધા જ તાલુકા અને જિલ્લાઓમાં વસવાટ કરે છે. તેઓ અંબાજી, બહુચરાજી, કાલીકા માઁ ના આરાધક છે. તેમજ રામાનુજી, શિવ અને વૈષ્ણવ સંપ્રદાયમાં માનનારા છે.

**૧.૨.૧.૨૪ ચારણ :-**

ચારણને બીજા શબ્દમાં ગઢવી તરીકે ઓળખીએ છીએ. તેઓ પણ ઉત્તર ગુજરાતના બધા જિલ્લાઓમાં વસવાટ કરે છે. તેઓ હાલમાં ખેતી-વેપાર અને દુકાનના વ્યવસાય સાથે જોડાયેલા છે. તેઓ મા અંબા, ભવાની, પાર્વતીના અરાધક છે અને શિવસંપ્રદાયમાં માનનારા છે.

**૧.૨.૧.૨૫ તરગાળા :-**

તરગાળાને ભવૈયા તરીકે પણ ઓળખીએ છીએ. ઉત્તર ગુજરાતનાં લોકસાહિત્યનો મુખ્ય પ્રકાર 'ભવાઈ' છે. જે તરગાળા જ્ઞાતિ આ ભવાઈ નૃત્યનાટિકા પ્રસ્તુત કરે છે. તેમની ગણ પેટાજ્ઞાતિ છે. (૧) નાયક (૨) વ્યાસ (૩) ભોજક. તેઓ ઉત્તર ગુજરાતમાં વિસનગર, પાટણ, ખેરાલુ, કડી, કલોલમાં જોવા મળે છે. તેઓના બહુચરાજી માઁ કુળદેવી છે.

**૧.૨.૧.૨૬ ધોબી :-**

ધોબીએ કપડા ધોવાના વ્યવસાય સાથે જોડાયેલા છે. તેઓ ઉત્તર ગુજરાતના દરેક ગામ અને નાના-મોટા શહેરોમાં વસવાટ કરે છે. તેઓ કબીરપંથી, રામાનંદી, વલ્લભાચારી સંપ્રદાયમાં માનનારા છે.

**૧.૨.૧.૨૭ નાયી :-**

નાયી એ વાળ કાપવાના વ્યવસાય સાથે જોડાયેલા છે. તેઓ વાળંદ તરીકે પણ ઓળખાય છે. પાટણની લીંબચ માતાના ભક્ત છે અને સમગ્ર ઉત્તર ગુજરાતના દરેક ગામ અને નાના-મોટા શહેરોમાં જોવા મળે છે. તેઓ બીજપંથી, કબીરપંથી, રામાનંદી, વલ્લભાચારી સંપ્રદાયમાં માનનારા છે.

**૧.૨.૧.૨૮ ગોસાઇ :-**

ગોસાઇ એ બે ભાગમાં વિભાજિત જ્ઞાતિ છે. (૧) બ્રહ્મચારી (૨) ઘરબારી. તેની ૧૦ પેટાજ્ઞાતિઓ છે. ગિર, સાગર, પરબત, પૂરી, ભારતી, વણ, આરામ, સરસ્વતિ, તીર્થ, આશ્રમ વગેરે છે. તેમના નામની આગળ-પાછળ હીરા, પુરી, ચંચળ, ભારતી, કરનાગર વગેરે ઉદ્ગાર લાગે છે. તેઓ ગુરુ-શિષ્ય પરંપરામાં માનનારા છે. હાલમાં તેઓ વેપાર અને પૈસાની લેવડ-દેવડનો વ્યવસાય કરે છે.

**૧.૨.૧.૨૯ રાવળીયા :-**

રાવળીયા એ જોગી તરીકે પણ ઓળખાય છે. તેઓ રાજપૂત કોમમાંથી આવ્યા દાવો કરે છે. તેઓ બે વિભાગમાં વહેંચાયેલા છે. (૧) સાખીયા (કુટુંબ) (૨) વહાબીયા (યોદ્ધા) સામીયામાં જોષીરાવળ, મારુ રાવળ, પટ્ટણી રાવળ વગેરે આવે છે. રાવળીયા એ જમીનની ખેતીને લગતો વ્યવસાય કરે છે. તેઓ માઁ અંબાના અરાધક છે અને ઉત્તર ગુજરાતના ખેરાલુ, વિજાપુર, ચાણસ્મા, કલોલ, વિસનગર, મહેસાણા તાલુકામાં નિવાસ કરે છે.

**૧.૨.૧.૩૦ બજાણીયા :-**

બજાણીયાનો બીજો અર્થ નટ બજાણીયા એટલે કે જમીન પર નાચનાર. આ જ્ઞાતિના બે ભાગ પડે છે. (૧) પરમાર (૨) નાગોર. તેઓ નોન વેજીટેરીયન છે અને તેઓ ઉત્તર ગુજરાતના મહેસાણા, ચાણસ્મા, વિસનગર, ખેરાલુ તાલુકામાં જોવા મળે છે.

**૧.૨.૧.૩૧ વાઘરી :-**

વાઘરી શબ્દ સંસ્કૃત શબ્દ 'વાઘુરા' પરથી આવ્યો છે. જેનો અર્થ છે આદિજાતિના લોકો (પારધી). તેઓ પક્ષીઓને પકડવાના વ્યવસાય સાથે જોડાયેલા છે. તેમની

પેટાજ્ઞાતિ ચાવણ, ચારણ, કોળી, વાઘરી એમ ચાર વિભાગમાં વિભાજિત છે. તેઓ ઉત્તર ગુજરાતના પાટણ, ચાણસ્મા તાલુકાઓમાં જોવા મળે છે. તેઓ હાલમાં શાકભાજી, ઈંડા, લાકડાનો વ્યવસાય કરે છે.

### ૧.૨.૨ મુસ્લિમ સમાજ :-

હિન્દુઓ પછી બીજા નંબરની વસ્તી ઉત્તર ગુજરાતમાં મુસ્લિમ સમાજની છે. મુગલ, મરાઠા અને બ્રિટિશકાળના શાસન દરમ્યાન મુસ્લિમોની વસ્તીમાં ક્રમશઃ વધારો થયો. જાલોરથી લોહાણી પઠાણો અને અફઘાનિસ્તાનથી બાબી મુસલમાનો આવ્યા. તેઓ મુખ્યત્વે ગ્રામ્ય વિસ્તારોમાં વસવાટ કરવા લાગ્યા. કણબી મુસ્લિમો ચાર પ્રકારના વ્યવસાય સાથે સંકળાયેલા છે. (૧) યોધ્ધાઓ (સૈનિકો, સિપાહી, વૉચમેન) (૨) વેપારી (૩) ખેડૂત (૪) મજૂરી. જ્યારે વેપાર અને નાણાં ધીરનાર મુસલમાનો વ્હોરા અને મેમણ છે. મુસ્લિમો મુખ્યત્વે ચાર વર્ગોમાં વિભાજિત છે. (૧) સૈયદ (૨) શેખ (૩) પઠાણ (૪) મુઘલ.

તેમાંથી ઘણી જાતિઓ મુખ્યત્વે મેહેદેવીયા, વ્હોરા, મેમણ, મોમના, મોમિન, ખોજા, ગરાસિયા, ખાટકી, સિપાહી, બલોચ, બેહલીમ, કુરેશી, મિરાશી, ખોખર, જત, નાગોરી, ઘાસુરા, ભાટી, ઘોરી, સુમરા, નાયક, સલાટ, જમદ વગેરે હતી.[૫૦]

## ૧.૩ ઉત્તર ગુજરાતનો સાંસ્કૃતિક પરિચય :-

ઉત્તર ગુજરાતનો સાંસ્કૃતિક ઈતિહાસ ખૂબ ઉજ્જવળ રહેલો છે. અહીં દરેક જ્ઞાતિના લોકો વસવાટ કરે છે. તેમની જીવનશૈલી, ધર્મ, સંપ્રદાય, પૂજા પધ્ધતિ, ધાર્મિક-સામાજિક તહેવારો, મેળાઓ, તીર્થધામો, પર્યટન સ્થળો, લોક સંસ્કૃતિ, કેટલીક પરંપરાઓ, લોકકલાઓ, શિલ્પ-સ્થાપત્યો, ચિત્રકલા, નર્તનકલા, લોકનાટ્ય, ભવાઈ, સંગીતકલા, નાટક અને રંગભૂમિ, ભરતકામ, લોકચિત્ર, વગેરેમાં અનેક વિવિધતાઓ જોવા મળે છે.

### ૧.૩.૧ જીવનશૈલી :-

પ્રાચીનકાળથી જ હિન્દુઓમાં સંયુક્ત કુટુંબ વ્યવસ્થા ચાલતી આવે છે. જો કે વર્તમાન સમયમાં શિક્ષણના વિકાસ, વાહન વ્યવહારના સાધનો વધતા, શહેરોનો વિકાસ થતા

---

૫૦. Gazzetter of India. Gujarat State, Op. City, A.D. 1981, p. 202

તેમજ નોકરી-ધંધા અર્થે અન્ય સ્થળે જવાની જરૂરિયાત ઉભી થતા આ સંયુક્ત કુટુંબ વ્યવસ્થા થોડી શિથિલ થવા લાગી છે. પરંતુ, ગ્રામ્ય વિસ્તાોરમાં અનેક સંયુક્ત કુટુંબો હજી પણ જોવા મળે છે. શહેરોમાં આનું પ્રમાણ થોડું ઓછું જોવા મળે છે.

**૧.૩.૨ સામાજિક રીતરિવાજો :-**

હિન્દુ ધર્મમાં સ્ત્રી કે પુરુષ પારંપરિક કે પ્રણાલિગત રૂઢિ રિવાજોમાં હજી શ્રધ્ધા ધરાવે છે. પ્રણાલિકાગત સંસ્કારોની કાર્યવિધિની થોડી વિગતે ચર્ચા કરીએ.

**૧.૩.૨.૧ સીમંત :-**

હિન્દુ શાસ્ત્રવિધિ પ્રમાણે સોળ સંસ્કારમાં સીમંતનો સંસ્કાર ખૂબ મહત્ત્વનો ગણાય છે. સ્ત્રીની પ્રથમ સગર્ભાવસ્થા સમયે સામાન્યતઃ બે વિધિ પતિગૃહે થાય છે. પ્રથમ વિધિ સગર્ભાવસ્થાના પાંચમા મહિનાથી શરૂ થાય છે, જે પંચમાસી કહેવાય છે. બીજી વિધિ સાતમા મહિને થાય છે, જે સીમંત તરીકે ઓળખાય છે. જેમાં કંકુ પગલાં, સાત વખત ઘઉંનો ખોળો, શ્રીફળ, કંકુ થી ગાલ લાલ કરવા, નણંદ બોર બાંધવો વગેરે વિધિ હોય છે. જેના લોકગીતો પણ ગાવામાં આવે છે.

''પગલીનો પાડનાર દ્યો ને રન્નાદે..''

''ખોળાનો ખુંદનાર, દ્યો ને રન્નાદે...''

''લીપ્યું ને ગુંપ્યું મારુ આંગણું રે...''

**૧.૩.૨.૨ જન્મ :-**

સામાન્યતઃ પ્રથમ પ્રસુતિ માટે સ્ત્રી પોતાને પિયર જાય છે. પ્રસૂતિ બાદ છઠ્ઠી પૂજન વિધિ કરવામાં આવે છે. એવું કહેવાય છે કે છઠ્ઠીની રાત્રે બાળકના લલાટ પર વિધાતાદેવી તેનું ભાવિ લખે છે. નવજાત શિશુના જન્મ પછી મોટેભાગે અગિયારમા દિવસે કે બીજી વાર કોઈક યોગ્ય દિવસે નામકરણ વિધિ થાય છે. શિશુના પિતૃગૃહના કુટુંબીજનો નવજાત શિશુને ભેટ આપવા અને રમાડવા આવે છે. બાળકની ફોઈ પીપળાના સાત પાંદડા તથા સાત તુલસીપત્રો સહિત સફેદ કાપડના કકડા પર બાળકને સુવાડે છે. કુટુંબના ચાર બાળકો કાપડના ચાર છેડા પકડીને ઝોળી જેવું બનાવી ''ઓબી ઝોબી પીપળ પાન, ફોઈએ પાડ્યું

નામ'' એવું ગાઈને શિશુને ચાર વખત ઝુલાવે છે.[૫૧]

**૧.૩.૨.૩ ઉપનયન સંસ્કાર :-**

બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય એ ત્રણેય વર્ણ માટે અને ખાસ તો બ્રાહ્મણો માટે ઉપનયન કે જનોઈ સંસ્કાર એક અગત્યની સંસ્કારવિધિ મનાય છે. આ સંસ્કાર મેળવ્યા પછી જ એ દ્વિજત્વને પામે છે. સામાન્યરીતે ઉપનયન સંસ્કાર વિધિ બાળકના પાંચમા, સાતમા, નવમાં કે અગિયારમા વર્ષે થાય છે. એ દિવસે સવારે ગૃહશાંતિ વિધિ પછી મોસાળ પક્ષની પહેરામણી કરવામાં આવે છે અને છોકરાને પીતાંબર અને પગરખાં અપાય છે. એ દિવસે સાંજ સુધીમાં 'બડવો' દોડાવાય છે. જેમાં બટુક કાશી જઈ અભ્યાસ કરવાની ઈચ્છા પ્રગટ કરે છે અને એ નિમિત્તે કેટલુંક અંતર દોડે છે અને તેના મામા તેને રોકી પકડી લાવે છે ત્યારબાદ બટુક કુળદેવી, ગુરુ અને કુટુંબના વડીલોને પ્રણામ કરે છે અને આ રીતે ઉપનયન સંસ્કાર વિધિ પૂર્ણ થાય છે.

**૧.૩.૨.૪ લગ્ન :-**

હિન્દુ શાસ્ત્રમાં સ્ત્રી-પુરુષના લગ્ન એ અત્યંત ધાર્મિક કર્તવ્ય માનવામાં આવ્યું છે. જેમાં સર્વપ્રથમ બન્ને પાત્રની જન્મકુંડળી મેળવવામાં આવે છે અને અનુકુળ જણાય તો સગપણ કે સગાઈની વિધિ નક્કી થાય છે. સગપણવિધિ ટૂંકી હોય છે. મર્યાદિત આમંત્રિતોની હાજરીમાં સામાન્ય રીતે વરને સાળા કે સસરા તરફથી શ્રીફળ અને રૂપિયો અપાય છે, કન્યાને ચૂંદડી ઓઢાડાય છે. જો કે હવે મોટા શહેરોમાં સગપણ કે સગાઈ વિધિને ધામધૂમથી ઉજવવાની પ્રથા અસ્તિત્વમાં આવી છે.

ત્યારબાદ લગ્નવિધિ માટે તારીખ નક્કી કરવામાં આવે છે અને લગ્નના થોડા દિવસ પહેલા સંબંધીઓને લગ્નની આમંત્રણ પત્રિકા મોકલવામાં આવે છે. લગ્નના આગળના દિવસે મંડપ મુહૂર્ત, ગણેશસ્થાપન, શમી કાષ્ટના માણેકસ્તંભનું સ્થાપન અને પૂજન તેમજ ગ્રહશાંતિની વિધિ કરવામાં આવે છે. મોસાળ પક્ષના લોકો લગ્ન અગાઉ વર કે કન્યા માટે લગ્નનો પોશાક, ઘરેણાં વગેરે લાવે છે. લગ્નના દિવસે વરપક્ષ પોતાના સંબંધીઓ સાથે જાન

૫૧. રાવલ મનોજ, ગુજરાત રાજ્ય સર્વસંગ્રહ, ૨૦૦૧, પૃ. ૧૪૮

લઈ લગ્ન માટે કન્યાના ગામ તરફ જાય છે. ત્યાં કન્યાપક્ષ તરફથી જાનનું સ્વાગત કરવામાં આવે છે અને તેમને ઉતારો આપવામાં આવે છે. ત્યારબાદ વરઘોડો કાઢી બેન્ડવાજા સાથે વરરાજા લગ્નવિધિ માટે લગ્નમંડપ સુધી જાય છે. આ સમગ્ર પ્રસંગ દરમ્યાન ભાતભાતના લગ્નગીતો ગાવામાં આવે છે અને વાતાવરણ આનંદભર્યું બની જાય છે. લગ્નની કેટલીક મહત્ત્વની વિધિઓમાં મધુપર્ક, લજ્જાહોમ, ચરુભક્ષણ, પાણિગ્રહણ, અગ્નિપ્રદક્ષિણા અને સપ્તપદીનો સમાવેશ થાય છે. લગ્નવેદીમાં પવિત્ર અગ્નિની સાક્ષીએ નવપરિણીત યુગલો લગ્ન સંસ્કારથી જોડાય છે. ત્યારબાદ સપ્તપદી અને કંસારની વિધિ બાદ નવપરિણીત વડીલોના આશીર્વાદ મેળવે છે. આ સમગ્ર વિધિ દરમ્યાન સુંદર ગીતો ગાવામાં આવે છે. ત્યારબાદ કન્યા વિદાયનો પ્રસંગ લગ્નવિધિનો અંતિમ અને અત્યંત હૃદય સ્પર્શી પ્રસંગ છે.

**૧.૩.૨.૫ મૃત્યુવિધિ :-**

હિન્દુ શાસ્ત્રના સોળ સંસ્કારોમાં મૃત્યુ અંતિમ અને મંગલ સંસ્કાર મનાય છે. જ્યારે મનુષ્ય મરણોન્મુખ થાય ત્યારે તેની પાસે ઘી નો દીવો પ્રગટાવવામાં આવે છે. જીવનદીપ બુઝાયા બાદ મૃત શરીરને સ્નાન કરાવી, સ્વચ્છ કરી, ફૂલહાર પહેરાવી સ્મશાન ગૃહે અંતિમ વિધિ માટે લઈ જવાય છે. જ્યાં તેનો અગ્નિ સંસ્કાર કરવામાં આવે છે. ઘણી જ્ઞાતિમાં મૃત્યુ પછી મરણનો વિશેષ બોલ ઢોલ પર વગાડી સ્મશાન ગૃહે લઈ જાય છે. મૃત્યુ પછી નવમા દિવસથી મરણોત્તર ક્રિયાઓ શરૂ થાય છે. દસમાના દિવસે સરામણું, બારમાના દિવસે સપિંડીકરણ વિધિ અને તેરમા દિવસે મૃત વ્યક્તિ પાછળ શૈયા કે સજ્જા ભરવામાં આવે છે. મૃત્યુ બાદ એક માસે, છ માસે અને વર્ષે શ્રાદ્ધની વિધિ કરવામાં આવે છે.

**૧.૩.૩ મુસલમાન જીવનશૈલી :-**

સામાન્ય રીતે મુસલમાનોમાં પૈદાઈશ (જન્મ) બિસ્મીલ્લાહ (ઈસ્લામ ધર્મની દિક્ષા), મંગની (વિવાહ), શાદી (લગ્ન) અને મૈયત (મૃત્યુ)નો સમાવેશ થાય છે.

મુસ્લિમ સમાજમાં સ્ત્રીની પ્રથમ પ્રસૂતિ પિતાના ઘેર કરે છે. પ્રસૂતિ બાદ 'અકીકા' વિધિમાં બાળકને માથે મુંડન કરવામાં આવે છે અને છોકરી હોય તો બે બકરાની કુરબાની આપવામાં આવે છે. સાડા ચાર માસનું બાળક થાય ત્યારે નાનો માંસનો ટુકડો (ગોસ્ટ)

ચૂસાવવાની 'બોટણ' વિધિ કરવામાં આવે છે. ત્યારબાદ ચાર વર્ષ, ચાર માસ અને ચાર દિવસનું થાય ત્યારે તેને 'બિસ્મીલ્લાહ' પઢાવવામાં આવે છે. 'બિસ્મીલ્લાહ' પઢનાર બાળકને કુટુંબના પીરની દરગાહે 'સલામ' કરવા લઈ જવામાં આવે છે. સ્ત્રીઓ આ વિધિ પૂરી થયા બાદ 'દોમની' (સ્ત્રી ગાયકો)ના ગીતો ગાઈ આનંદ માણે છે. છોકરાના સાતમા વર્ષે 'ખત્ના' કરવામાં આવે છે. જેમાં પહેલીવાર રમઝાનનો રોજો પાળે છે.

લગ્નની ઉંમર થાય ત્યારે શાદીનો પ્રસ્તાવ લઈને કન્યાના ઘેર કુટુંબની સ્ત્રીઓ જાય છે; શાદીની વિધિ ધામધૂમથી ઊજવાય છે. કાઝી દુલ્હા અને દુલ્હનને પૂછે છે કે આ વિવાહ તેને કબૂલ છે? તો બન્ને હા કહે તો કાઝી દુલ્હાને ઈસ્લામના કલમા પઢાવે છે. આ કાર્યવાહીની લેખિતનોંધ કરવામાં આવે છે.

મરણાસન વ્યક્તિને કુરાન શરીફમાં 'યાસીન'ના સૂરા સંભળાવવામાં આવે છે. મુખમાં મધ કે ખાંડનું પાણી અને શક્ય હોય તો મક્કા શરીફનું ખાસ મંગાવેલું 'ઝમઝમ'નં પાણી મૂકવામાં આવે છે. મૃતદેહને સ્નાન કરાવીને સફેદ કફન પહેરાવવામાં આવે છે ત્યારપછી જનાજો તૈયાર થાય છે. મૈયતમાં નજીકના સગા-સંબંધી ભેગા થઈને મૃતદેહને કબ્રસ્તાનને દફન માટે લઈ જાય છે.

**૧.૩.૪ ઉત્સવો - તહેવારો :-**

''ઉત્સવપ્રિયાઃ જનાઃ'' - માનવો ઉત્સવ પ્રિય હોય છે. ઉત્સવ જીવનમાં ગતિશીલતા લાવે છે અને નીરસતાને ટાળે છે. ઉત્તર ગુજરાતમાં ઉજવાતા કેટલાક અગત્યના તહેવારો વિશે અહીં સંક્ષેપ્તમાં જોઈએ.

**૧.૩.૪.૧ હિન્દુ તહેવારો :**

➢ **બેસતું વર્ષ :-**

હિન્દુ સમાજમાં વિક્રમ સંવતના નવા વર્ષનો આરંભ કાર્તિક સુદ પ્રતિપદાથી થાય છે. આ દિવસે સહુ વહેલા ઊઠી સ્નાનાદિ ક્રિયાઓ પતાવી નવા વસ્ત્રાલંકારથી સજ્જ થઈ દેવદર્શન કરવા જાય છે. ત્યાંથી પાછા ફરીને વડીલોને પગે લાગી પૂરા દિવસ દરમ્યાન પરસ્પર સગાસંબંધીઓને મળી નવા વર્ષની શુભેચ્છાઓની આપ-લે કરે છે.

➢ **ભાઈબીજ (યમદ્વિતીયા) :-**

કાર્તિક માસની શુકલ બીજે ઉજવાતું ભાઈબીજનું પર્વ પુરાણોમાં ભાતૃદ્વિતીયા કે યમદ્વિતીયા તરીકે પણ ઓળખાય છે. ઉત્તર ગુજરાતમાં જ નહિ પરંતુ સમગ્ર ગુજરાતમાં આ દિવસે બહેન ભાઈને પોતાને ઘેર જમવા બોલાવે છે અને વર્ષમાં એકવાર ભાઈ-બહેનના ઘેર જમે છે, તેથી આ પર્વ ભાઈબીજ તરીકે ઓળખાય છે.

➢ **લાભપાંચમ / સૌભાગ્ય પાંચમ / જૈન જ્ઞાનપંચમી :-**

કાર્તિક શુકલ પંચમી શુભતિથિ ગણાતી હોવાથી નવા વર્ષના હિસાબી ચોપડા શરૂ કરવા, દુકાનો, વેપાર શરૂ કરવો, નવા વાસણ કે જણસ ખરીદવા વગેરે શુભ કાર્યોની શરૂઆત આ દિવસથી થાય છે. જૈનધર્મમાં ચાતુર્માસ પછી આ પંચમી જ્ઞાનપંચમી તરીકે ઓળખાય છે. આ દિવસે તેમાં જ્ઞાનભંડારો, હસ્તપ્રતો અને મૂલ્યવાન ગ્રંથોને ઔષધો છાંટી જંતુમુક્ત કરે છે અને વિધિપૂર્વક ધૂપ-ચંદનથી તેમનું પૂજન-અર્ચન કરે છે. આ પંચમીએ તેઓ જ્ઞાનની અધિષ્ઠાત્રી દેવી સરસ્વતિનું પૂજન પણ કરે છે.

➢ **દેવઉઠી / પ્રબોધિની એકાદશી, તુલસી વિવાહ :-**

દર માસે આવતી એકાદશીમાં કાર્તિક સુદ ૧૧ ની ‘દેવ ઊઠી’ અથવા પ્રબોધિની અને અષાઢ સુદ ૧૧ ની ‘દેવ પોઢી’ એકાદશી મહા એકાદશી તરીકે વધુ મહત્ત્વની ગણાય છે. દેવઊઠી અગિયારસના દિવસે હિન્દુ, વૈષ્ણવો વિષ્ણુ ભગવાનના શાલિગ્રામ સાથે તુલસીના શાસ્ત્રોક્ત વિધિથી વિવાહ કરે છે. આ દિવસે ઉપવાસ કરી મંદિરોમાં અન્નકૂટના દર્શન કરે છે. બારસના દિવસે ઉપવાસના પારણા કરી લોકો ભગવાનને ધરેલો પ્રસાદ આરોગે છે.

➢ **દેવદિવાળી - કાર્તિક પૂર્ણિમા :-**

પૌરાણિક માન્યતા પ્રમાણે દેવોને ત્રણ પુરોવાળો દૈત્ય ત્રિપુરાસુર ઘણો રંજાડતો હતો. દેવોની વિનંતીથી મહાદેવજીએ ત્રણ દિવસ સુધી યુદ્ધ કરીને તેનો નાશ કર્યો. તેથી તેઓ ત્રિપુરારી કહેવાયા. આ વિજય દેવોએ કાર્તિક પૂનમે દિવાળી તરીકે ઉજવ્યો. તેથી તેની યાદમાં આજે આ દેવદિવાળી તરીકે ઉજવાય છે.

➢ **મકરસક્રાંતિ / ઉત્તરાયણ :-**

૧૪, જાન્યુઆરીએ સૂર્ય બારમાસમાં બાર રાશિઓમાં સક્રાંતિ કરે છે અને દર વર્ષના પોષ માસમાં મકરસક્રાંતિ થતી હોવાથી આ પર્વને મકરસક્રાંતિ કે ઉત્તરાયણમાં કહેવાય છે. સૂર્યદેવ પ્રતિ પ્રેમભાવથી ઉજવાતા આ પર્વમાં સરિતા સંગમ અને સુમદ્ર સ્નાનનો અને તલ અને ધનનું દાન કરવાનો હિન્દુઓમાં મહિમા છે. આ દિવસે કાગળના ભાત, ભાતના રંગોના પતંગો ઉડાવી આ તહેવારની ઉજવણી કરાય છે.

➢ **મહાશિવરાત્રી :-**

દર વર્ષ મહાવદ ચૌદસે આવતી રાત્રિ 'મહાશિવરાત્રી' તરીકે ઓળખાય છે. આ તહેવાર શિવભક્તો માટે અતિ મહત્ત્વનો છે. આ દિવસે ફળાહાર કરીને ભગવાન શિવની પ્રસાદી તરીકે ભાંગ પીવાનો પરંપરાગત મહિમા છે. આ દિવસે શિવલીંગ પર દૂધ તથા શુદ્ધ જળનો અભિષેક કરી ત્રિદલ બિલિપત્રો અર્પણ કરી શિવ મહિમ્ન સ્તોત્રનો પાઠ કરાય છે. આ દિવસે શિવમંદિરોમાં પૂજા કરવામાં આવે છે.

➢ **વસંત પંચમી :-**

આ પર્વ માઘ શુકલ પંચમીના દિવસે આવે છે. આ એક ઋતુગત ઉત્સવ છે. વસંતમાં પ્રકૃતિનું નવું પ્રફૂલ્લિત થતું રૂપ મનને પ્રસન્ન કરે છે. વસંતમાં આમ્રાદિ વૃક્ષો મંજરીથી મહોરે છે. લતાઓ પુષ્પાચ્છાદિત હોય છે. તેમની મહેક હવામાં પ્રસરે છે. મહાકવિઓએ વસંત ઋતુરાજ કહ્યો છે. આ દિવસે ઘરમાં સરસ્વતી અને લક્ષ્મીનું પૂજન કરીને તેનું નૈવેદ્ય ધરાવવામાં આવે છે. આ તિથિ અત્યંત શુભ ગણાતી હોવાથી નવા કાર્યોની શરૂઆત આ દિવસે કરવામાં આવે છે.

➢ **હોળી - ધૂળેટી :-**

હોળી - હુતાશણીનો લોકોત્સવ ફાગણ મહિનાની પૂર્ણિમાએ આવે છે. પૌરાણિક કથા અનુસાર હિરણ્યકશ્યપ નામના દૈત્ય એ પોતાના વિષ્ણુભક્ત પુત્ર પ્રહલાદની હત્યા કરવાના ઈરાદાથી પોતાની બહેન હોલિકાને કે જેને અગ્નિ સ્પર્શી ન શકે તેવું વરદાન હોવાથી તેના દ્વારા પ્રહલાદને ખોળામાં બેસાડી તેને ભસ્મીભૂત કરવા અગ્નિમાં બેસે છે. પરંતુ હોલિકા

સ્વયં અગ્નિમાં ભસ્મીભૂત થઇ જાય છે અને બાળભક્ત પ્રહલાદ જીવિત રહી જાય છે. આમ, પ્રાચીન કાળથી આ પ્રસંગ ઉત્સવ તરીકે લોકો લાકડાની હોળી કરી ઉજવે છે અને બીજા દિવસે વૈષ્ણવ સંપ્રદાયના લોકો અબીલ-ગુલાલથી ધૂળેટી રમી રંગોત્સવ ઉજવે છે.

➢ **અખાત્રીજ :-**

વૈશાખ શુકલ તૃતીયા એ કરેલા કર્મનું ફળ પુણ્ય નાશ ન પામે તેવી એટલે કે અક્ષય કાલ સુધી ટકે તેવી ધાર્મિક માન્યતાના કારણે આ પર્વ અક્ષય તૃતીયા - અખાત્રીજ કહેવાય છે. લગ્ન માટે આ તિથિ શુભ ગણાય છે. તેમજ જપ, તપ, ઉપવાસ, દાનાદિ કર્મો આ દિવસે કરવામાં આવે છે. અખાત્રીજે ગુજરાતના ખેડૂતો અને જાણકાર પંડિતો ચોમાસું કેવું જશે, વર્ષ કેવું જશે તે અંગે હવામાન અને પાકના વરતારા કરે છે.

➢ **ભીમ અગિયારસ :-**

જેઠ સુદ - ૧૧ને ભીમ અગિયારસ કે નિર્જળા એકાદશી તરીકે ઉજવાય છે. આ દિવસે કેટલાક હિન્દુઓ ફળાહાર કે જળપાન કર્યા વિના સંપૂર્ણ ઉપવાસ કરે છે.

➢ **વટ સાવિત્રી :-**

જેઠ મહિનાની પૂર્ણિમાના દિવસે સૌભાગ્યવતી હિન્દુ સ્ત્રીઓ પોતાના પતિનું આયુષ્ય વધે તે માટે અબીલ-ગુલાલ અને અન્ય સુગંધી દ્રવ્યોથી વડની પૂજા કરે છે. અને વડની પ્રદક્ષિણા કરીને સૂતરના તાંતણાં ગોળ વિંટાળે છે.

➢ **બળેવ :-**

શ્રાવણ સુદ પૂનમના દિવસે રક્ષાબંધન કે બળેવનો તહેવાર ઉજવાય છે. આ દિવસે બહેન એના ભાઈને કંકુનો ચાંલ્લો કરી હાથે રાખડી બાંધે છે અને ભાઈના જીવનની રક્ષા માટે પ્રભુને પ્રાર્થના કરે છે. બ્રાહ્મણો આ દિવસે શુભ મુહૂર્તે પોતાની યજ્ઞોપવીત (જનોઇ) બદલે છે.

➢ **શીતળા સાતમ :-**

શ્રાવણ વદ સાતમના દિવસે શીતળા સાતમનો તહેવાર ઉજવાય છે. આ દિવસે સ્ત્રીઓ ચૂલાનું પૂજન કરીને શીતળા માતાના દર્શન કરવા જાય છે. આગળના દિવસે એટલે

કે રાંધણ છઠના દિવસે રાંધેલું ભોજન આ દિવસે સાથે બેસીને જમે છે. અગાઉ શીતળા નામના રોગ ઉપદ્રવને કારણે પોતાના સંતાનોની સુખાકારી માટે આ દિવસે ચૂલો-સગડી પેટાવવાનો નિષેધ હતો.

➢ **જન્માષ્ટમી :-**

શ્રાવણ વદ આઠમના દિવસે જન્માષ્ઠમીનો તહેવાર આખા દેશમાં ધૂમધામથી ઉજવવામાં આવે છે. આ દિવસે મધ્યરાત્રિએ દેવમંદિરોમાં ભગવાન શ્રીકૃષ્ણનો જન્મોત્સવ મનાવવામાં આવે છે.

➢ **નવરાત્રિ :-**

આસો સુદ પહેલાથી નવ દિવસ સુધી નવરાત્રિ મહોત્સવ મનાવાય છે. નવરાત્રિમાં રોજ રાત્રે દરેક વિસ્તારમાં કન્યાઓ અને સ્ત્રીઓ મંડપની મધ્યમાં માતાજીની છબિ મૂકી મોડી રાત સુધી સમૂહમાં ગરબા રૂપે માતાજીની આરાધના કરે છે.

➢ **વિજ્યા દશમી - દશેરા :-**

આસો સુદ દસમના દિવસને દશેરા તરીકે ઉજવવામાં આવે છે. આ શુભ દિવસે શ્રીરામે લંકા ઉપર વિજય મેળવી રાવણનો સંહાર કર્યો હતો. માટે આ દિવસે મોટા નગરોમાં રાવણના મોટા પૂતળાને બાળીને આ ઉત્સવ મનાવવામાં આવે છે. આ દિવસે રાજાઓ વિજયયાત્રા માટે લશ્કર સાથે નીકળતા હતા. તેથી તે વિજ્યાદશમી તરીકે પણ જાણીતો બન્યો છે.

➢ **દિવાળી :-**

હિન્દુ તહેવારોમાં સૌથી મોટો તહેવાર હોવાથી તેને 'તહેવારોની રાણી' કહેવામાં આવે છે. આ તહેવાર આસો સુદ બારસ (વાઘ બારસ)થી શરૂ થાય અને લાભપાંચમ સુધી ચાલે છે. દિવાળીના ઉત્સવમાં ધનતેરસ, કાળી ચૌદશ, દિવાળી, બેસતું વર્ષ અને ભાઈબીજ એ પાંચ પર્વોની ગણના થાય છે.

**૧.૩.૪.૨ જૈન તહેવારો :-**

- **જૈન - પર્યુષણ - પર્વ - સંવત્સરી :-**

પર્યુષણ એ જૈનોનો મુખ્ય ઉત્સવ છે. આ પર્વ દર વર્ષે આવે છે એટલે તેને સંવત્સરી પણ કહે છે. શ્વેતાંબર જૈનો આઠ દિવસનું અઠ્ઠાઈનું તપ કરે છે અને દિગંબર જૈનો દસ દિવસનું તપ કરીને પંચમીને ઉજવે છે.

**૧.૩.૪.૩ મુસલમાનોના તહેવારો :-**

- **મહોરમ :-**

આ હજરત ઈમામ હુસૈનની શહાદત સાથે જોડાયેલો હોવાથી તે દુઃખકારક અને અશુભ મનાય છે. મોહરમનો તહેવાર એ ગમ અને માતમ એટલે કે શોક વ્યક્ત કરવાનો તહેવાર છે. મહોરમમાં તાજિયાનું જુલુસ નીકળે છે. ચળકતા રંગીન કાગળમાંથી તાજીયાની રચના કરવામાં આવે છે. મહોરમની નવમી રાત 'કતલની રાત' ગણાય છે. આ રાત્રે આખી રાત મુસલમાનો માતમ અને મરશિયા ગવાય છે.

- **રમઝાન ઈદ :-**

મહંમદ પયગંબરના સમયથી હિજરી સંવતના દસમા મહિનામાં સવ્વાલના પ્રથમ દિવસે રમઝાન ઈન ઉજવવામાં આવે છે. હિજરી સંવતના સૌથી પવિત્ર મનાતા રમઝાનના આખા માસ દરમ્યાન રોજા કરવામાં આવે છે. રોજા શરૂ થતા વહેલી સવારની નમાઝ પહેલા લોકો ખાવા-પીવાનું પતાવી દે છે અને સૂર્યાસ્ત પછી રોજા છોડે ત્યારે મેવા-મીઠાઈ જમે છે.

- **ઈદ-એ-મિલાદ :-**

'ઈદ-એ-મિલાદ' એટલે હજરત મહમ્મદ પયગંબરનો જન્મદિવસ. આ દિવસે મુસલમાનો ધાર્મિક પુસ્તકોનું વાંચન કરે છે. મસ્જિદમાં નમાઝ પઢે છે અને દાન કરે છે.

- **બકરી ઈદ :-**

આ તહેવારમાં બકરો, ઘેટું કે ઊંટનું બલિદાન આપી ખુદાનો આભાર માનવામાં આવે છે. આ હિજરી સંવતના બારમા મહિના જિલ હિજ્જાના દસમા દિવસે ઊજવાય છે.

આ ઉપરાંત ખ્રિસ્તી તહેવારોમાં ગુડ ફ્રાઈ ડે, નાતાલ અને બેસતું વર્ષ તથા પારસી

તહેવારોમાં પતેતી અને સિંધીઓના તહેવારોમાં ચેટીચાંદ ગણાવી શકાય. ઉત્તર ગુજરાતમાં તેમની વસતી જૂજ છે.

**૧.૩.૫ મેળાઓ :-**

ગુજરાત તેના પરંપરાગત મેળાઓ અને તહેવારોના કારણે જગપ્રસિદ્ધ છે. વર્ષ દરમ્યાન રાજ્યમાં ૩૫૦૦ જેટલા મેળા અને તહેવારો ઉજવવામાં આવે છે. નાણાંકીય, ઔદ્યોગિક, કૃષિલક્ષી, કલાત્મક, ધાર્મિક પરંપરા અને અનેકવિધ વિષયોને લગતા મેળાઓ ગુજરાતમાં દર વર્ષે જુદા-જુદા સ્થળોએ અને સમયે ઉજવવામાં આવે છે.

ઉત્તર ગુજરાતના ભવ્ય ઈતિહાસ, વૈભવી પરંપરા અને સમૃધ્ધ સંસ્કૃતિના કારણે સમાજમાં મેળાઓની એક અલગ છાપ કાયમી રહે છે. ઉત્તર ગુજરાતમાં મેળાઓ સામાજિક સંસ્કૃતિ અને ધાર્મિક પરંપરાઓનું પ્રતીક છે. ઉત્તર ગુજરાતને નવી ઓળખ આપતા અંબાજી પૂનમનો મેળો, શામળાજીનો મેળો, ચિત્ર-વિચિત્ર મેળો, મોઢેરા-નૃત્ય મહોત્સવ, કારતકનો મેળો (સિદ્ધપુર), ચૈત્રી-પૂનમનો બહુચરાજીનો મેળો, બાલારામનો મેળો, ભીલડીયાજીનો મેળો, ડુંગરીપુરી બાવાનો અમીરગઢનો મેળો, શીતળા સાતમનો પારપડાનો મેળો, ટોકરીયા મહાદેવનો મોટાનો મેળો, આદિવાસી પ્રજાનો વિરમપુરનો મેળો, મહાદેવજીનો સામઢી મોટાવાસનો મેળો, કેદારનાથનો બાલુન્દ્રાનો મેળો, વિરમપુરનો મેળો, રૂપાલનો શીતળા-સાતમનો મેળો, ગોઢનો મેળો, મુક્તેશ્વર મહાદેવનો મોકેશ્વરનો મેળો, પાર્શ્વનાથ પ્રભુના જૈન સંપ્રદાયનો ભિલડીનો મેળો, મણીભદ્રવીરનો મગરવાડાનો મેળો, હજરત મુરસદ સાહેબનો મેળો, હુસૈન ટેકરીનો મેળો, મજાદરનો મેળો, પાટણના પ્રજાપતિ સમાજનો પદ્મનાભનો મેળો, જન્માષ્ટમીના મેળા, ગણેશ ચતુર્થીના મેળા, શીતળા સાતમના મેળા, વગેરે વિશેષ છે.

**૧.૩.૬ શિલ્પ-સ્થાપત્ય :-**

કળા અને સૌંદર્યમાં રૂચિ ધરાવતા ગુજરાતમાં ઉત્સવોની ઉજવણીની સાથે સાથે તેની કળાનું પ્રદર્શન માણવાનો પણ અવસર અનેરો છે. ઉત્તર ગુજરાતમાં તેની કળા કાળીગરીની અનેરી છાપ તેના છાપચિત્રો, શિલ્પકૃતિઓ અને અન્ય કલાઓમાં જોવા મળે છે. પરંપરાગત અને ભાતીગળ પહેરવેશ અને રહેણીકરણીમાં ક્લા અને કૌશલ્યની આગવી શૈલી

ઉત્તર ગુજરાતમાં જોવા મળે છે.

પૌરાણિક કાળથી તપાસીએ બૌદ્ધ સમય પહેલાના હિન્દુ સ્થાપત્યનાં ઉદાહરણો ઉપલબ્ધ નથી. ઉત્તર ગુજરાતની વાત કરીએ તો શામળાજી પાસે દેવની મોરીના ઉત્ખનન દ્વારા પ્રસ્થાપિત થાય છે કે આ સમગ્ર વિસ્તારમાં બૌદ્ધ સ્થાપત્યનો પ્રચાર ઈ.સ. પૂ. લગભગ બીજી સદીથી ઈ.સ. ચોથી સદી સુધી રહેલો હશે. દેવની મોરીના અવશેષોમાં પણ વિહાર અને સ્તૂપોના અવશેષો મળેલા છે.[૫૨]

મધ્યયુગમાં (ઈ.સ. ૧૦૦૦ થી ઈ.સ. ૧૩૦૦ સુધી)ના બીજા તબક્કા દરમ્યાન લગભગ ઈ.સ. ૧૦૨૫-૨૬ થી ઈ.સ. ૧૨૯૮ દરમ્યાન ઉત્તર ભારતીય અથવા ઈન્ડો-આર્યન શૈલીની સમૃદ્ધ અને સુવિકસિત સ્થાપત્યધારા પશ્ચિમ ભારતમાં પ્રસરી. મહંમદ ગઝનવીની લૂંટથી આ વિસ્તારમાં ઘણી નિરાશા પ્રસરેલી હતી. પરંતુ ગઝનવીના ગયા પછી લોકોએ ઘણી જ ઝડપથી મંદિરો અને મિલકતોનું સમારકામ ઉપાડી લીધું. ત્યારબાદ સોલંકી અને વાઘેલા વંશોના શાસન દરમ્યાન આ વિસ્તારમાં શાંતિ અને સમૃદ્ધિ ફેલાતા સ્થાપત્ય કળાનો ઘણો વિકાસ થયો. મૈત્રકોની રાજધાની વલભીપુરનો ઈ.સ. ૭૮૯માં અસ્ત થયા પછી ઉત્તર ગુજરાતમાં નવા રાજ્યનો ઉદય થયો. જેની રાજધાની અણહિલવાડ પાટણ રહેલ. આ રાજ્યના સ્થાપક ચાવડા વંશના વનરાજ હતા. ત્યારબાદ ઈ.સ. ૯૪૨માં અણહિલવાડ પાટણના રાજા મૂળરાજ સોલંકી થયા. આ સોલંકી વંશની શરૂઆતથી આ વિસ્તારમાં સૌથી વિશેષ મંદિરો અને સ્થાપત્યનો વિકાસ થયો.[૫૩]

આ સમયના કદાચ સૌથી વિશાળ અને મહાન મંદિરોના અવશેષો સિદ્ધપુરમાં રુદ્રમહાલયના છે. સિધ્ધપુરમાં એક તોરણ પણ હયાત છે, જે કદાચ મંદિરના પ્રાંગણમાં બંધાયેલા બે તોરણોમાંનું એક છે. રુદ્રમહાલયના તોરણ કરતાં મોટું આવું જ તોરણ વડનગરમાં પણ હજી જોવા મળે છે. આવું તોરણ, પ્રતોલ્યક, કીર્તિસ્તંભ અથવા કમાનાકારનો દરવાજો જે શામળાજી નજીક મેશ્વો નદીને કાંઠે જોવા મળે છે. પશ્ચિમ ભારતનું કદાચ એ પ્રકારનું પ્રથમ

૫૨. ગુજરાત, ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, અમદાવાદ, ઈ.સ. ૨૦૦૦, પૃ. ૩૫૭

૫૩. ગુજરાત, ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, અમદાવાદ, ઈ.સ. ૨૦૦૦, પૃ. ૩૫૯



**૧.૮ સૂર્યમંદિર, મોઢેરા**

તોરણ હશે. કદાચ બૌદ્ધ સ્તૂપોના પ્રવેશ પાસે જોવામાં આવતા તોરણને મળતું આવું તોરણ આગવું અંગ ગણી શકાય.

મોઢેરાનું સૂર્યમંદિર ૧૦મી સદીના સ્થાપત્યનું ઉત્તમ ઉદાહરણ ગણી શકાય. જે કોણાર્કના સૂર્યમંદિર કરતાં બે સદી પૂર્વે બંધાયેલું હતું. આ મંદિરના બાંધકામના પ્રમાણ અને કલાને જોતા તે વખતના સ્થપતિઓની ઉત્તમ કલાનો ખ્યાલ આવે છે.[૫૪]

૧૧મી સદીના ઉત્તરાર્ધમાં ભીમદેવના સમયમાં બંધાયેલી પાટણની રાણકી વાવ તે વખતના ઉત્તમ સ્થાપત્યની અપ્રતિમ શૈલીનો ખ્યાલ આપે છે. આ ઉપરાંત સહસ્રલિંગ તળાવના અવશેષો તેની બાંધકામશૈલીની ભવ્યતાનો ખ્યાલ આપે છે.

પાલનપુર રાજ્યમાં દીવાન શાસકોના શાસનકાળ દરમ્યાન શિલ્પ અને સ્થાપત્ય કલાના ક્ષેત્રે પ્રગતિ થઈ હતી. આ રાજવીઓ ધર્મસહિષ્ણુ હતા. તેઓ મુસ્લિમ હોવા છતાં હિંદુ મંદિરોનો જિર્ણોધ્ધાર કરાવ્યો હતો.[૫૫] નાગણેચી માતાનું મંદિર, પાતાળેશ્વર મહાદેવનું પ્રાચીન મંદિર, બાલારામ મહાદેવ, લાલગટનો અખાડો, પાળિયા, ભેંસાપીર, મીઠીવાવ, રોહોની વાવ, લેજિટ માર્કેટ, શ્રી પલ્લવીઆ પાર્શ્વનાથનું દેરાસર, શાંતિનાથનું જિનાલય,

---

૫૪. ગુજરાત, ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, અમદાવાદ, ઈ.સ. ૨૦૦૦, પૃ. ૩૬૧

૫૫. ગુજરાત, ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, અમદાવાદ, ઈ.સ. ૨૦૦૦, પૃ. ૩૭૦



**૧.૯ રાણકી વાવ, પાટણ**

સરોગા અને ભીલડીના જૈન દેરાસરો, જૈન દાદાવાડી વિશેષ છે. મુસ્લિમ સ્થાપત્યોમાં જામા મસ્જિદ, મુરસદ બાવાની દરગાહ, સંત અનવર કાઝીની દરગાહ, અમીરશાહ બાપુની દરગાહ, ઈદગાહ અને ચિલ્લાઓ, રોઝાઓ વિશેષ છે. સમ્રાટ ધારવસાહેબના સમયમાં બનાસના કિનારે ચંદ્રાવતી નગરી, શિલ્પ સ્થાપત્યોમાં ઉત્તમ ગણાતી હતી.

ઉત્તર ગુજરાતમાં શામળાજી, દેવની મોરી, વડનગર, ખેડબ્રહ્મા, વલભી, કુંભાડીયાના ડેરા વગેરે સ્થળોએ ક્ષત્રપકાલનાં શિલ્પોના કલાત્મક નમૂના મળેલા છે. ઈ.સ.ની ચોથી સદીના ઉત્તરાર્ધમાં દેવની મોરીના સ્તૂપોની ધ્યાનસ્થ બૌદ્ધની પ્રતિમાઓ ધ્યાન ખેંચે છે.[૫૬] અંબાજી પાસે બે ગણો, ગોપના મંદિરોમાં કેટલાક શિલ્પો અકોટામાંથી મળેલા આદિનાથની ખંડિત ધાતુપ્રતિમા વગેરે ગુપ્તકાળના મહત્ત્વનાં શિલ્પો છે.

મધ્યકાળમાં ખાસ કરીને મુસ્લિમકાળમાં ઘર-દેરાસરો બનાવવા માટે કાષ્ટકલાને જૈનોએ ઉત્તેજન આપ્યું. જેનાથી પાટણ, સિદ્ધપુર, પાલનપુર વગેરે સ્થળોએ ઉત્કૃષ્ટ પ્રકારની કાષ્ઠ કોતરણીના નમૂના મળી આવ્યા છે.[૫૭]

આધુનિક કાળની વાત કરીએ તો ઉત્તર ગુજરાતમાં અંબાજીનું મંદિર, કિર્તીસ્તંભ,

૫૬. ગુજરાત, ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, અમદાવાદ, ઈ.સ. ૨૦૦૦, પૃ. ૩૭૩

૫૭. ગુજરાત, ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, અમદાવાદ, ઈ.સ. ૨૦૦૦, પૃ. ૩૭૩




**૧.૧૦ કિર્તીસ્તંભ, પાલનપુર**

પાટણનું પંચાસરા પાર્શ્વનાથ મંદિર વગેરે શિલ્પ-સ્થાપત્યના ઉત્તમ નમૂનામાં આવી શકે છે.

### ૧.૩.૭ ચિત્રકલા :-

૧૯૧૦ પછી વિદ્વાનોએ ગુજરાતની કલા બાબતે સંશોધનો શરૂ કર્યા. ભારતીય કલાશિક્ષણમાં ચાર કલાશાળાઓ થઈ. જેમાં ગુજરાતમાં વડોદરામાં ૧૮૯૦માં કલાભવનની સ્થાપના થઈ. વડોદરાની કલાશાળામાંથી અનેક વિદ્યાર્થીઓ બહાર આવ્યા. ગૂજરાત વિદ્યાપીઠ,



**૧.૧૧ શામળાજી મંદિર**

અમદાવાદ, ભાવનગર અને સૌરાષ્ટ્રમાં કલાશિક્ષણનું વિસ્તરણ થયું. ઉત્તર ગુજરાતમાં ચિત્રકલાનો જોઈએ તેવો વિકાસ થઈ શક્યો નથી. ૨૦૦૭માં પાલનપુરમાં એમ.એ. પરીખ ફાઈન આર્ટ્સ એન્ડ આર્ટ્સ કૉલેજમાં ચિત્રકલાનું શિક્ષણ શરૂ થઈ શક્યું. ઉત્તર ગુજરાતના ચિત્રકલાએ અમૃતવાણ, અમૃતપંચાલ, પ્રેમ રાવલ, રમણિક રાવલ વગેરે છે.

**૧.૩.૮ નર્તન કલા :-**

ગુજરાતની નર્તનકલાના મૂળ મોહેં-જો-દડોના યુગની સંસ્કૃતિના અવશેષો જે કચ્છમાંથી મળી આવ્યા તેના ઉત્તરથી જાણી શકાય છે. મોહેં-જો-દડોના અવશેષોમાં એક નર્તન કરતી સ્ત્રીનું કાંસ્ય શિલ્પ જોવા મળે છે. જે તેની પ્રાચીનતા પુરવાર કરે છે. મહાભારતકાળમાં પણ યાદવોએ દ્વારિકાના સમુદ્રકિનારે છાલિક્ય-ક્રીડાનું વર્ણન જોવા મળે છે. જેમાં વિવિધ રાગોમાં ગવાતા ગીત, નર્તન અને ભિન્ન ભિન્ન પ્રકારના વીણા, વંશ જેવા વાદ્યોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.[૫૮] શ્રી કૃષ્ણએ પોતે હાથમાં વંશ લઈને 'હલ્લીસક' નર્તન કરી બતાવેલું. આ હલ્લીસકમાં મધ્યમાં નાયક અને તેની આસપાસ મંડલાકારે ૮, ૧૬ કે ૬૨ નર્તકીઓ નૃત્ય કરતી હોય છે. આમ, ગુજરાતમાં લાસ્ય-નર્તનની પરંપરા શ્રીકૃષ્ણના સમયથી ચાલી આવી છે.

ભરતમૂનિના નાટ્યશાસ્ત્રમાં વર્ણવેલા ૧૦૮ નૃત્યકરણોમાંથી ઉતરી આવેલી નૃત્યકલા મોઢેરા, રાણકીવાવ, જૈન દેરાસરોમાં જોવા મળે છે. દેલવાડાના જૈન દેરાસરમાં અને વસ્તુપાળના દેરાસરમાં સભામંડપની છતમાં ૧૦૮ કરણો કોતરેલા દેખાય છે.[૫૯]

વળી હેમચંદ્રાચાર્યે પોતાના 'કાવ્યાનુશાસન'માં કેટલાક ગેય રૂપકોનું વર્ણન કરેલું છે. આ ગેય રૂપકોમાં પણ નર્તનકનું સ્થાન હતું.

એકબીજો નાટ્યપ્રકાર પણ ૧૩મી સદીમાં ઉલ્લેખાયેલો જોવા મળે છે, જેમાં પણ દેશી નૃત્ય નિહિત છે. સિદ્ધપુરના ઔદીચ્ય બ્રાહ્મણ કુળમાં જન્મેલા અસાઈત ઠાકર નામક કવિ કથાકારે ભવાઈ પરંપરા સ્થાપી. અસાઈત ઠાકરે ૩૬૦ ભવાઈ વેશ લખ્યાની લોકવાયકા છે.

આ ઉપરાંત, લોકનૃત્યની વાત કરીએ તો ગરબા, ગરબી, નાગ નૃત્ય, ઠાકરડા, પાટીદાર, રાજપૂતનું માંડવી, રાંદલ માતાની સ્તુતિ કરતું નૃત્ય, મહેસાણાના ઠાકોરોનું રૂમાલ

૫૮. ગુજરાત, ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, અમદાવાદ, ઈ.સ. ૨૦૦૦, પૃ. ૩૭૩

૫૯. ગુજરાત, ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, અમદાવાદ, ઈ.સ. ૨૦૦૦, પૃ. ૩૭૫

નૃત્ય, અરવલ્લી અંબાજી પાસે આદિવાસી નૃત્ય, આ ઉપરાંત મેરા, વાઘેર, ઠાકોર, રબારી, કોળી, ભીલ વગેરેના લોકનૃત્યો ઉત્તર ગુજરાતમાં જોવા મળે છે.

**૧.૩.૯ સંગીતકલા :-**

ગુજરાતમાં ભગવાન શ્રીકૃષ્ણના બંસીનાદથી શરૂ કરીને અત્યાર સુધીના ભક્તકવિઓ, આખ્યાનકારો, ભજનિકો, શાસ્ત્રીય ગાયકો, વાદકો, સુગમ સંગીતકારો તથા ચલચિત્રોના સંગીત દિગ્દર્શકોની લાંબી સંગીત પરંપરા ચાલી આવી છે. શાસ્ત્રીય સંગીતના ક્ષેત્રે વડનગરની તાના-રીરીથી શરૂ થતી ઉજ્જવલ પરંપરા અત્યાર સુધી ગુજરાતમાં ટકી છે. ગુજરાતની ભૂમિ પર શાસન કરતા મુસ્લિમ રાજ્યકર્તાઓ ઉપરાંત વડોદરા, ભાવનગર, જામનગર, જૂનાગઢ, સાણંદ, ધરમપુર, લુણાવાડા, પાલનપુર, ઈડર, વાડાસિનોર અને દેવગઢબારિયાના રાજવીઓએ પોતાના દરબારમાં સંગીતકારોની નિમણૂંક કરી શાસ્ત્રીય સંગીતને આશ્રય અને પ્રોત્સાહન આપ્યા છે.

ઉત્તર ગુજરાતમાં પાટણ, વિસનગર, ઈડર, પાલનપુર, ડીસા વગેરે સ્થળોએ શાસ્ત્રીય સંગીતની પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપ્યું છે. પાટણમાં સ્વ. શ્રી શાંતિભાઇ પટ્ટણી, સ્વ. ચંપકભાઈ ગોઠી, સ્વ. લક્ષ્મણદાસજી મહારાજ, સ્વ. જયંતિભાઈ પટેલ, સ્વ. કુંતે સાહેબ વગેરેએ શાસ્ત્રીય સંગીતનો પ્રચાર-પ્રસાર કર્યો હતો અને પાટણ અને આસપાસના વિસ્તારોમાં શાસ્ત્રીય સંગીતને પ્રોત્સાહન આપ્યું. પાટણમાં હ્રી ધ્વનિ સંગીત મહાવિદ્યાલય, ભોગીલાલ લહેરચંદ ભારતીય સંગીતાદિ લલિતકલા મહાવિદ્યાલય, સુરાવલી સંગીત વિદ્યાલય વગેરે સંસ્થાઓ શાસ્ત્રીય સંગીતની તાલીમ આપી રહી છે. તો પાલનપુરમાં પણ વિવિધલક્ષી વિદ્યામંદિર ટ્રસ્ટ દ્વારા કલાયતન અને એમ.એ. પરીખ ફાઈનઆર્ટ્સ એન્ડ આર્ટ્સ કૉલેજ દ્વારા શાસ્ત્રીય સંગીતનું ઉચ્ચશિક્ષણ આપવામાં આવી રહ્યું છે. આ ઉપરાંત ઊંઝામાં શ્રી વસંતરાય બ્રહ્મભટ્ટ સંગીત વિદ્યાલય, આ ઉપરાંત વિસનગર, હિંમતનગર, મોડાસા, ડીસા, મહેસાણા, કલોલ વગેરે સ્થળોએ પણ શાસ્ત્રીય સંગીતને પ્રોત્સાહન આપતી સંસ્થાઓ આવેલી છે.

સંગીતક્ષેત્રે લોકસંગીત એ ઉત્તર ગુજરાતની આગવી પરંપરા છે. તેમાં ચારણી લોકગીતો, દુહા, છંદ વગેરેનો સમાવેશ થાય છે. લોકગીતોના માધ્યમથી ગુજરાતના સંતો, ભજનિકો અને ભક્તોએ ભારતની પ્રાચીન સંસ્કૃતિના મૂળ તત્ત્વોને સામાન્ય માણસ સુધી પહોંચાડવામાં અગત્યનો ભાગ ભજવ્યો છે. મીરજાતિ, તૂરી, તરગાળા વગેરે જેવી જાતિઓ લોકસંગીત ઉપર આજીવિકા મેળવી તેમનો જીવનનિર્વાહ ચલાવે છે.